આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ


વર્ષ : ૧૫

અંક : ૮

મે-૧૯૯૪




## આત્મિક વિકાસના મંગલ કાર્યમાં વિલંબ ન કરવો

ઘરબાર, સ્ત્રીસંતાન ને જરજમીનમાં ખોટો સંતોષ માનીને બેસી રહેવાથી પણ જીવનના ધ્યેયને નહિ પહોંચાય. એ માટે તો ખૂબખૂબ લગની લાગી જવી જોઈએ. જીવનનું ધ્યેય ને જીવનની શક્યતા કેટલી મહાન છે છતાં માણસ આનો વિચાર ભાગ્યે જ કરે છે ને નાનીનાની વ્યર્થ વાતોમાં સમય ને શક્તિ વ્યર્થ ગુમાવે છે. જીવનના વિકાસના આ ગજથી માપીએ તો આ દુનિયામાં અબજોની સંખ્યામાં ખદબદતાં માનવપ્રાણી-માંથી બહુ જ અલ્પ સંખ્યાનાં માણસો માનવજીવન જીવતાં હોવાનો ને વિકાસની સાચી દિશામાં પ્રગતિ કરતાં હોવાનો દાવો કરી શકશે. માનવજાતિને માટે આ દશા બહુ ગૌરવભરી નથી—શરમાવનારી છે એમ કહીએ તો ખોટું નથી. છતાં વિકાસને ચાહનારાં માણસોએ તો જીવનના આ આવી મળેલા મહામોંઘા અવસરનો વહેલા-માં વહેલી તકે લાભ લઈ લેવો જોઈએ. આત્મિક વિકાસના મંગલ કામમાં વિલંબ ન કરવો જોઈએ. જેને જીવનનું કલ્યાણ કરી લેવું છે એ પુરુષે તો પ્રત્યેક પળે માથા પર મૃત્યુ ભમે છે એમ માનીને પળેપળનો ઉપયોગ કરવા કમર કસવી જોઈએ. આ જીવન ને જગતની બાજી જ્યાં સુધી હાથમાં છે અને અત્યારનું જીવન વહી ગયું નથી, ત્યાં સુધી તેને જીતવા ને ઉજ્જવલ કરવા બનતી બધી જ મહેનત કરવી જોઈએ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫–૦૦

વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પરમધામના પરમ સાન્નિધ્યેથી | કલ્યાણ | ૧૨ |
| સ્વામી બુવાજી—એક પરિચય | પરમાર્થી | ૨૩ |
| પ. પૂ. માની હરદ્વારયાત્રા | તંત્રી | ૩૦ |
| આશાનું જીવન | મંજુલાબેન ભાવસાર | ૩૨ |
| ભક્ત બલરામદાસ | અરૂણા ઠાકર | ૩૭ |
| પ્રભુના સાકાર સ્વરૂપનાં પ્રત્યક્ષ દર્શનો–૧ | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૭ |
| ભગવાન ગણપતિનું પ્રત્યક્ષ દર્શન | નારાયણ હ. જાની | ૫૪ |
| દે | ડો. રણજિત પટેલ (અનામી) | ૫૭ |
| હિમાલયના પત્રોમાંથી | શ્રી સુરેશભાઈ શાહ | ૫૯ |
| ૐ ધ્વનિમંત્ર | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૬૪ |


O




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ મે–૧૯૯૪ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૭–૩–૮૧, શુક્રવાર, ફાગણ વદ છઠ ૨૦૩૭, સ્થળ : અમદાવાદ.**

સાડા અગિયારે દ્વાર ખુલે છે. એક ભાઈ અમદાવાદના જ છે તે આવે છે. પૂ. શ્રી કહે છે, મળવાનો સમય સાંજે છે. આજે આવ્યા છો તો ભલે, બેસો. સમય ને નિયમ માટે પૂ. શ્રી કડક છે. થોડી વાતો બાદ પૂ. શ્રી ખીચડી, દૂધ, રાબ વિગેરે ભોજન-માં લે છે.

બપોરે થોડું તડબૂચ (કલિંગર)ના ટુકડા લે છે. આ પરિવાર આખોયે સેવાભાવી છે. એટલે જાત–જાતની સેવા કરવાની ઇચ્છા ધરાવે છે. આરામ બાદ પોતે પ્રાર્થના કરે છે. સર્વેશ્વરી, બાબુભાઈ

સાથે એક સત્સંગીભાઇ (સુતરીયા)ને મળવા જાય છે. ખૂબ અસ્વસ્થ તબિયત છે. ત્રણ ભજનો સંભળાવવાથી તેમને આનંદ થાય છે.

અહીં આવતાં જ સાડા છ થઇ જાય છે. મુલાકાત શરૂ થઇ ગઇ હોય છે. આ ઘરનો મોટો દીકરો કાર્તિકેય પૂ. શ્રીને પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન** : મહાત્માજી, તમને સૌરાષ્ટ્રના પ્રવાસમાં ચમત્કારો થયા ખરા?

**પૂ. શ્રી** : ચમત્કારો એટલે શું? તમે શું માનો છો?

**કાર્તિકેય** : ભૌતિક નિયમોથી પર થઇને જે દિવ્ય અનુભવ થાય તે ચમત્કાર કહેવાય.

**પૂ. શ્રી** : તમે જેને ચમત્કાર કહો છો તે ભૌતિક નિયમોને આધારે જ થાય છે. એને ચમત્કાર નહીં પણ અનુભવ કહીએ. કે જે અનુભવ જીવન કલ્યાણમાં મદદરૂપ થાય.

તેવો એક ચમત્કાર—સૂર્ય. એ ઈશ્વરનો ચમત્કાર. ચંદ્ર એ પણ ઈશ્વરનો ચમત્કાર. મને કૃપાના અનુભવો થાય જે તમારી દૃષ્ટિએ ચમત્કાર ગણી શકાય.

(મોરબીનાં અને રાજકોટના પ્રવચનોમાં બે વિરોધી વ્યક્તિઓ પ્રેમ વરસાવતી થઇ તે માનવ પરિવર્તનના ચમત્કારની વાત પૂ. શ્રી કરે છે. રાજકોટમાં પુરુષોત્તમભાઇએ બતાવેલો આદર, સદ્‌ભાવની વાતો કરી. પૂ. શ્રી તેમનો પત્ર પણ વાંચી સંભળાવે છે.)

પવિત્ર પ્રેમ કેવું ચમત્કારિક પરિણામ લાવે છે, આપણી નિંદા, ટીકા કરનાર વિરોધીઓ પણ આપણને જ્યારે પણ મળે



ત્યારે આપણે આપણો સદ્‌ભાવ ટકાવી રાખીએ. તેનામાં જે કાંઇ શુભ છે તેને જ પ્રશંસા કરીને બહાર લાવીએ જેથી તે જ વ્યક્તિ લાંબે ગાળે વિચારશે કે હું જેની ટીકા કરું છું, તે તો મારી પ્રશંસા જ કરે છે. તો તેનું દિલ ડંખશે ને તે સુધરશે. અને ન સુધરે તો પણ આપણે તો તેના પ્રત્યે સદ્‌ભાવ જ રાખીએ.

**પ્રશ્ન** : (પદ્માબેન પૂછે છે) ગુરુજી, તમે તો ઘણા કડક છો. તમે હમણાં સૌરાષ્ટ્રના પ્રવાસે વિદાય થયા ત્યારે તમે મારી સામે પણ ન જોયું મને ખૂબ દુઃખ થયું. મેં અનુષ્ઠાન શરૂ કર્યા. નવમા અનુષ્ઠાને તમે અહીં આવી ગયા. તમે ગમે તે કરશો, પણ હું તો તમને છોડીશ જ નહીં.

**સર્વેશ્વરી** : બરાબર છે. પદ્માબેન, મને પૂ. શ્રી મોટાનું એક વાક્ય યાદ આવે છે. પ્રભુને મંકોડાની જેમ વળગો.

**પદ્માબેન** : હા, મંકોડો તૂટી જાય પણ ચોંટેલો જ રહે. ખરી વાત છે.

**પ્રશ્ન** : (કાર્તિકેય પૂછે છે) પ્રભુની જેમ ગુરુને મંકોડાની જેમ વળગી શકાય ખરું?

**પૂ. શ્રી** : પ્રભુને મંકોડાની જેમ વળગો—એવો શબ્દાર્થ ન લેવો. ભાવાર્થ જ લેવો. ગુરુને શ્રદ્ધાભક્તિથી પ્રભુનું રૂપ છે એમ માની વળગી રહો. ગુરુ ગમે તેવા હોય, ગમે તે કરતા હોય, પણ તેમનામાં શ્રદ્ધા રાખવી. એમની કૃપાનો આધાર આપણી શ્રદ્ધા-ભક્તિપર રહેલો છે. તેથી જ કહું છું, ગુરુ કરવામાં ઉતાવળ ન કરો. બે વરસ મોડા ગુરુ કરો, વાંધો નહીં પણ પછી વારે વારે ગુરુ બદલવા પડે એવું ન કરો. ગુરુંમાં અચળ શ્રદ્ધા રાખો. ગુરુ આજે કહે, ચાલો આમ કરીએ. બે દિવસ બાદ ગુરુ કહે એમ ન

કરીએ. ગુરુનો વિચાર ફરી પણ જાય પણ ગુરુમાં અતૂટ શ્રદ્ધા રાખવી. ગુરુ કોઇના ગુલામ નથી. ગુરુ સર્વતંત્ર છે.

ગુરુને વળગ્યા પછી ગમે તેવી પરિસ્થિતિ આવે. પ્રતિકૂળતા આવે–અરે! મરણ આવે તો પણ શ્રદ્ધા ડગવી ન જોઇએ. પૂ. મોટા એમ કહેવા માંગે છે.

મંકોડાની જેમ વળગો એટલે એવું નહીં કે ગુરુને, ગુરુના શરીરને પકડી રાખો. ગુરુને સંડાસ પણ ન જવા દો. એવા બે–ચાર જો ગુરુને મંકોડા તો શું કીડીની જેમ ચોંટશે તો ગુરુ જ મરી જશે. (હસાહસ થઇ રહી છે.)

એટલે ગુરુને મંકોડાની જેમ વળગો એટલે એનો શબ્દાર્થ નહીં, ભાવાર્થ લેવાનો, સમજ્યા? અમસ્તા ડોકી ના ધુણાવશો. સમજાયું હોય તો જ હા કહેજો, નહીં તો ફરી ગરબડ થશે.

**પ્રશ્ન :** મહા મૃત્યુંજય જપ કયો?

**પૂ. શ્રી :** ૐ ત્ર્યંબકં યજામહે, સુગંધિં પુષ્ટિવર્ધનમ્.....

અશાંતિ ને વિપત્તિમાં આ મંત્ર મદદ કરે છે. ત્રણ મહિના એક માળા સવારે ને એક માળા સાંજે જપવામાં આવે તો ઘણી મદદ મળે છે.

**પ્રશ્ન :** મૂળમંત્ર જે હોય, તેને બદલે તેનો ગુજરાતી અર્થ જ વાંચ્યા કરીએ તો?

**પૂ. શ્રી :** મૂળમંત્ર જ જપવો. શબ્દોમાં શક્તિ છે. શબ્દથી આણુપરમાણુમાં ધારેલી અસર થાય છે. જેથી એનું ગુજરાતી કરતાં મૂળમંત્ર જ જપો.

આજે પૂ. શ્રીએ ચમત્કારો જોવા કરતા ઈશ્વરની કૃપા આપણા



રોજબરોજના જીવનમાં થઇ રહી છે તેને જોવાની ટેવ પાડો એ વિષય ખૂબ સરસ રીતે સમજાવ્યો. સમય થતાં રામકૃષ્ણદેવની સ્તુતિ થઇ. સૌ છૂટા પડયા. પૂ. શ્રી ખીચડી–શાકનું ભોજન લે છે.

ભોજન બાદ પૂ. શ્રીને સર્વેશ્વરી સુતરીયાભાઇની વાતો કરતાં કહે છે, "ખૂબ અશક્ત થઇ ગયા છે. ખૂબ લાગણીવશ થઇને રડી પડયા. એટલે મેં માથે હાથ ફેરવી થોડી શાંતિ આપવા પ્રયત્ન કર્યો." પૂ. શ્રીએ કહ્યું : જુઓ, આપણએ કોઇને પણ માથે કે શરીરે હાથ ફેરવીએ પછી તે હાથ ધોઇ નાખવા જોઇએ. કોઇપણ શરીરના આણુપરમાણુઓ આપણા શરીરને સ્પર્શે જ છે. હું પોતે પણ એ રીતે ધોઇ નાંખું જ છું.

પૂ. શ્રી સ્વચ્છતાની દૃષ્ટિએ પણ કેવો દૃષ્ટિકોણ ધરાવે છે, તે શીખવા મળ્યું પૂ. શ્રી એક એવી વિશાળ જ્ઞાનપીઠ છે, જ્યાંથી જાતજાતની તાલિમ ને જીવનઘડતરના પાઠો શીખવા મળે છે.

સુરેન્દ્રનગરમાં જ્યારે બાળાશ્રમની મુલાકાત લીધી ત્યારે સર્વેશ્વરીની ઇચ્છા ત્યાં કંઇક દાન આપવાની હતી, જેથી ત્રણ–ચાર વાર પૂ. શ્રીને કહ્યું. દરેક વખતે પૂ. શ્રીએ ના જ પાડી. છેવટે ગાડીમાં બેઠા, વિદાય લીધી. માર્ગમાં ફરી પૂછ્યું કે તમે કેમ દાન આપવાની ના પાડી. પૂ. શ્રી કહે જગદંબાએ કહ્યું હતું, કે દાન આપવાની જરૂર નથી. અને સાચે જ એ સંસ્થાના રિપોર્ટની બે બુક અમને મળેલી તેમાં વાંચતા સમજાયું કે એ સંસ્થા આર્થિક રીતે પગભર છે.

પૂ. શ્રીની દરેક વાતોમાં નાની, નાની સૂચનાઓમાં પણ ભારોભાર સત્ય, પ્રભુનું વિધાન સમાયેલું છે. તેનો ખ્યાલ આવ્યો.

વાતચીત બાદ આજનો આરામ.

તા. ૨૮-૩-૮૧, શનિવાર, ફાગણ વદ સાતમ,
૨૦૩૭, સ્થળ : અમદાવાદ.

સવારે સાડા અગિયારે દ્વાર ખુલે છે. નંદુભાઇ સપરિવાર પધારે છે. પ્રશ્નોત્તરી શરૂ થાય છે. પ્રશ્નોત્તરીનો સમય નથી છતાં વાત નીકળી છે.

પ્રશ્ન : (સર્વેશ્વરી) ગઇકાલે અમે શ્રી સુતરિયાને મળવા ગયેલા. તો તેઓ પ્રાર્થના પણ ન કરી શકે તેટલા અશક્ત જણાયા. તો એમને માટે એમની દીકરીઓ અંતઃકરણથી પ્રાર્થના કરે તો સુતરિયાને કેટલે અંશે લાભ થાય?

પૂ. શ્રી : પ્રાર્થના મદદ કરે, પણ પ્રારબ્ધ જ બળવાન હોય તો દુઃખ તો ભોગવવું જ પડે. શાંતિથી ભોગવવાની મદદ મળે ખરી!

પ્રશ્ન : પ્રારબ્ધ નબળું હોય તો પ્રાર્થનાથી રોગ મટી શકે?

પૂ. શ્રી : હા.

પ્રશ્ન : તો પછી જેનાં જેનાં પ્રારબ્ધ નબળાં છે તેને તેને તમે પ્રાર્થનાથી રોગમુક્ત કરી શકો?

પૂ. શ્રી : નારણપુરામાં કેટલા બધા રહે છે. બધાને તમે કહેવા જાઓ છો—આવજો. હું મદદ કરીશ. બધાને જ રોગમુક્ત કેવી રીતે કરી શકાય? દુઃખ તો ભોગવવું જ પડે ને!

પ્રશ્ન : તો પછી ચંપકભાઇએ તમારી સેવા કરી એટલે તમે તેમને માટે પ્રાર્થના કરી ટી. બી. મટાડયો?

પૂ. શ્રી : અનન્ય સેવાભાવ, શ્રદ્ધા, સમર્પણભાવ હોય તો સહજ પ્રાર્થના થઇ જાય ને વળી રોગમુક્ત પણ થઇ જ જાય.



જુઓને, માતાજી માટે આપણી પ્રાર્થના શું ઓછી હતી? છતાં જે ભવિતવ્ય છે તે થયું જ ને. જો કે શાંતિ મળતી.

પ્રશ્ન : ઇષ્ટમંત્ર હોય તે કોઇ સંતના નામે ફેરવી શકાય?

પૂ. શ્રી : ઇષ્ટમંત્ર ને સંત એક જ રૂપ છે એમ માની જપી શકાય.

પ્રશ્ન : તમારી સાથે જે રહે તે તમને પ્રભુરૂપ માનીને તમને જોયા કરે તો તેને જપતપની જરૂર રહે ખરી?

પૂ. શ્રી : હું તો એવું નથી કહેતો. તેણે જપ, તપ તો કરવાં જ પડે.

પ્રશ્ન : તો પછી માતાજી તમારી સાથે રહ્યાં, કષ્ટ વેઠયું તમને પ્રભુરૂપ માન્યા એટલાથી જ તેઓ મુક્ત થઇ ગયાં ને તેમણે ક્યાં જપ, તપ, ઉપવાસો કર્યા હતા?

પૂ. શ્રી : મને સહયોગ આપ્યો, સમર્પણ કર્યું, અનન્ય શ્રદ્ધા રાખી. પ્રભુભાવ રાખ્યો તો માતાજી તરી ગયાં.

પ્રશ્ન : તો પછી તમે જેને ત્યાં પણ ઉતરો, તે તમારી તન, મન, ધનથી પ્રભુરૂપ માનીને સેવા કરે તો તેને જપ તપની તેટલો સમય જરૂર ન પડે ને?

પૂ. શ્રી : સેવા, સહકાર એ જ જપ થયા. પણ મૂળ વાત પ્રભુભાવ સ્થાપી સેવા કરવી એ રમત વાત નથી. ખૂબ અઘરી વાત છે.

પ્રશ્નોત્તરી સાંજે થશે એમ કહી સમય થતાં ભોજનની તૈયારી કરવાની પૂ. શ્રીએ સૂચના આપી. આજે પૂ. શ્રી મગ, ભાત, કેરીની ચટણી, રાબ લે છે. મરચાં વિનાનો આહાર સ્વાદિષ્ટ લાગે

છે. ભોજન બાદ પૂ. શ્રી પેપર ઉપર નજર નાંખે છે. પછી તડબૂચના થોડા ટુકડા લઇ આરામ કરે છે.

આજે સવારથી વળી તુલસીકૃત રામાયણની ચોપાઇનું ગુજરાતી કવિતામાં ભાષાંતરની ઇચ્છા થઇ છે. પૂ. શ્રી બોલ્યા : શરીર શાંત થાય તે પહેલાં સમાજની સેવા કરતો જાઉં. એમ કહી બે સોરઠાનું ગુજરાતી ગાઇને સર્વેશ્વરીને લખાવ્યું સાંજે પણ બે સોરઠાનું ગુજરાતી કર્યું.

આરામ બાદ 'કેમ દર્શન દેવાના દેવનું થાય' એ ભજન લખ્યું. એ ભજન પૂ. શ્રીએ ગાઇ બતાવ્યું. સર્વેશ્વરીએ પણ સાથે ગાયું. ત્યારબાદ સમય થતાં તૈયાર થઇ ઝરુખાનું દ્વાર ખોલી પૂ. શ્રી ખૂબ ઝડપથી અંદર આંટા મારી રહ્યા છે. થોડી જ વારમાં દ્વાર ઉઘડશે ને પ્રગટ પ્રભુના આ દરબારમાં ધર્મની રસભરી ચર્ચાઓ શરૂ થશે.

**પ્રશ્ન** : મંદિરોમાં મૂર્તિ હોય છે પણ શંકરના મંદિરમાં લિંગ શા માટે?

મારા વતી દર્શન કરજો એવું કહેવાય તે પહોંચે ખરું?

યાંત્રિક જપ કે પાઠ થાય તો ફળ મળે ખરું?

**પૂ. શ્રી** : જપ કે પાઠ સમજીને કરવાનો આગ્રહ રાખો. એટલે સમજીને જ શરૂ કરવો. જેથી એમાંથી જીવનના સુધારની પ્રેરણા મળે. થોડુંક–પણ સમજીને સારી રીતે કરવાનો આગ્રહ રાખો. આનંદ સાથે કરો. આખી ગીતા ન વાંચો પણ થોડા શ્લોકો વાંચો પણ સમજીને કરો.

**પ્રશ્ન** : અશ્વત્થામા ચિરંજીવી છે તે સશરીરે છે?



**પૂ. શ્રી** : જરા વિચારો તો ખરા, તેઓ અમર છે. તમે આજે પણ તેને યાદ કરો છો ને એટલે તેમના સત્કર્મોની સુવાસ ચિરંજીવ રહે એટલે તેને ચિરંજીવ કહ્યા.

સમય પૂરો થતાં સૌ વિદાય થયાં. પૂ. શ્રી ખીચડી શાકનું ભોજન લે છે. સર્વેશ્વરી ૮–૪૫ થી ૯–૩૦ નીચે નંદુભાઇના પરિવાર પાસે થોડીવાર સત્સંગાર્થે જાય છે. મોરબીના સત્સંગની નોંધ ડાયરીમાંથી વાંચી સંભળાવે છે. ત્યારબાદ આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૨

# પરમધામના પરમ સાન્નિધ્યેથી–૧

(કલ્યાણ)

સરજો અહીં ને અહીં પરમધામ ભાઈ !
અનેરી આ અવનિમાં કમી નથી કાંઈ,
આનંદની હેલી છે રસની હો ભાઈ !—સરજો.

પથ્થરની ઈમારતમાં પરમધામ પ્રકટી શકે ખરું? કળીયુગમાં પણ સતયુગ સંભવી શકે ખરો? મોહ અને આસક્તિથી ખરડાયેલો માનવી પરમપ્રેમના પાવનધામનો અધિકારી થઈ શકે ખરો? આ સૃષ્ટિ તો પ્રભુનું સર્જન છે, એમાં સઘળું ભર્યું છે. આપણે શું થવું છે, આપણે શું સર્જવું છે, એ આપણા હાથની વાત છે. હરિએ તો બધે જ હેત સીંચ્યું છે, પરમપ્રેમની પરબ માંડી છે. અમૃતપાન કરવું છે કે વિષ ગટગટાવવું છે તે આપણે નક્કી કરવાનું છે. સ્વર્ગનું સુખ ભોગવવું છે કે નર્કની યાતના વેઠવી છે, તેનો નિર્ણય આપણા હાથમાં છે.

આ ખાલી વાતો નથી, કલ્પનાની કોરી સૃષ્ટિ નથી, પણ નક્કર હકીકતો છે, પરમધામમાં બેસીને જેમણે અમૃતના ઓડકારો ખાધા છે તેની અનુભૂતિની આ વાતો છે.

આપણા સૌના લાડીલા પૂ. નારાયણભાઈ અને પૂ. સરસ્વતીબેનના જીવનમાં પ્રભુકૃપાએ આ પરમધામ સાકાર બન્યું છે. કેટલીવાર યોગાનુંયોગ પણ કેવો યથાર્થ કરતો હોય છે! તેમના મકાનનું નામ 'પરમધામ' એ તેમના ગૃહમંદિરમાં પ્રકટેલા પરમધામનું પ્રતીક બની ગયું છે! અને સૌથી આશ્ચર્યની વાત તો એ



છે કે એ પરમધામના સર્જક અને પોષક પરમપુરુષ યોગેશ્વરજી અને પૂ. માનું એ પ્રિય નિવાસસ્થાન રહ્યું છે. પ. પૂ. માએ જ આ નિવાસને પરમધામ નામ આપ્યું છે. પૂ. મા અને પ્રભુએ નિવાસ કર્યો છે, પરંતુ આ ભક્તદંપતીના હૃદયમંદિરમાં તો ઠરીને ઠામ થયા છે. જાણે આ તેમનું સદાયનું અક્ષરધામ ન હોય! પૂ. મા અને પ્રભુ પોતાના પરમધામ નિવાસનો અધિકાર અહીં પ્રસન્ન અને મુક્ત મને માણતા અને હજુ આજે પણ આ 'પરમધામ'માં એટલા જ પ્રેમે પધારે છે.

હમણાં જ તા. ૮ ફેબ્રુ.–'૯૪ ના રોજ પૂ. મા અહીં દોડી આવ્યાં, પોતાના ભક્તના હૃદય ખાલીપાને ભરવા! જીવનમાં એક પરમ મંગલ સૃષ્ટિનું સર્જન કરીને પૂ. જીજી સ્વર્ગલોકની વાટે સંચર્યાં. પૂ. કાકાના જીવનમાં પૂ. જીજીનું યોગદાન એટલું તો પ્રબળ રહ્યું છે કે પૂ. જીજીનાં પુણ્યસ્મરણને કાળની ઝાંખપ લાગી શકે તેમ નથી. અહીં પૂ. જીજીની કાયમી વિદાયના શોકને પુનર્જીવિત કરવાની વાત નથી, પરંતુ તેમના પ્રેરણામય જીવનની અમુલખ વાતો તો ઋષિદંપતી અત્રિ–અનસૂયાની જેમ ઈતિહાસ બનીને ભક્તિમય પ્રસન્ન દિવ્ય દામ્પત્ય અનુપમ પ્રેરણા જનસમાજને યુગો સુધી ધર્યા કરશે.

પૂ. કાકા એક આશ્ચર્ય વારંવાર પ્રકટ કર્યા કરતા અને આજે પણ કરે છે. તેમને નવાઈ લાગતી કે લોકોનું સંસારજીવન આટલું દુઃખી કેમ? કુટુંબજીવન ક્લેશથી આટલું બધું કટુતામય કેમ? શું તેમને સુખી થવાનું નહીં ગમતું હોય? ઝઘડા અને વેરતૃપ્તિની વક્રતા આટલી હદે કેમ? આખરે તેમને જીવનનું આ મહાભારત યુદ્ધ કરીને મેળવી શું લેવાનું છે? જીવન જીવવું જ છે તો

સુખમય કેમ નહીં? આટલા વેરવિખેર જીવનમાંથી આખરે એકઠું શું કરવાનું છે? ક્લેશના કાંકરાઓ પર પ્રેમમંદિર તો કેમ સંભવી શકે?

પૂ. કાકા અને પૂ. જીજી માટે આ પ્રશ્નચિહ્નો બની રહેતાં કારણકે તેમનું જીવન તો સ્વર્ગીય સુખની સાકાર સૃષ્ટિ જેવું હતું! એક તદ્દન સામાન્ય માણસનું જીવન જીવીને સંસારજીવનની અનેક વિટંબણાઓ વચ્ચે પણ સંસારના ક્લેશ અને પરિતાપોથી પર એવું સંવાદમય, સ્નેહસભર, ઉષ્માભર્યાં સારસ યુગલ જેવું જીવન જીવ્યાં!

પૂ. કાકા જ્યાં પણ આવું સંઘર્ષમય જીવન જોતા ત્યાં તેઓ સહજપણે બોલી ઉઠતા કે આટલા દુઃખી કેમ? સરખા રહોને! સંવાદમય જીવન જીવોને! પૂ. કાકાથી આ હાર્દિક સહાનુભૂતિ સહજપણે વ્યક્ત થઇ જતી! પ્રભુકૃપાથી પોતે જે પામ્યા તે સૌ પામે તેવી એક ભાવના પૂ. કાકાના શબ્દમાં સહજમૂર્ત થઇ જતી!

પ્રભુકૃપાની જીવનમાં કેવી બલિહારી છે તે આ ભક્ત દંપતીના જીવનમાં જોઇ શકાય છે. પૂ. કાકાને પૂ. જીજી મળ્યાં અને પૂ. જીજીને પૂ. કાકા જીવનસાથી તરીકે મળ્યા. તેમાં પ્રભુ સાથેના ઋણાનુબંધે પણ અગત્યનો ભાગ ભજવ્યો છે.

પૂ. કાકા અને પૂ. જીજીના જીવનમાંથી આ પ્રભુના ઋણાનુબંધની વાત પણ શીખવા જેવી છે. પ્રભુ સાથે જોડાયેલા રહેવાથી જ આવું પ્રેમમય, સંવાદમય જીવન સાંપડી શકે છે. મનુષ્યના એકલા પુરુષાર્થથી આ શક્ય બની શકે નહીં. પૂર્વજીવનમાં પણ પૂ. કાકા અને પૂ. જીજી, પ્રભુનાં પરમભક્તો હતાં અને એ ભક્તિના પ્રતાપે તેમને આ અમૃતમય જીવનનું ધન મળ્યું, એટલું જ નહીં



પણ પ્રભુ તેમના જીવનના સાથીદાર રહીને તેમના જીવનને સજાવતા રહ્યા અને સંસ્કારોથી સમૃદ્ધ કરતા રહ્યા.

પૂ. કાકા અને પૂ. જીજીના જીવનને શાંતિથી સમજવા જેવું છે. પ્રભુના થઇ ગયેલા પાત્રોનો જીવનદોર પ્રભુ કેવો પકડી રાખે છે, ભક્તોનો જીવનપતંગ જીવનાકાશમાં ઉડવા છતાં તેનો દોર પકડી રાખીને પ્રભુ તેને કેટલો સ્થિર રાખે છે, સલામત રાખે છે તે ચિંતન પણ કરવા જેવું છે. તેમના જીવનમાં પ્રભુએ જ સદ્-બુદ્ધિનો સૂર્યોદય કર્યો છે. પરમપ્રેમનો પુણ્યોદય પણ પ્રભુની પરમકૃપા થકીજ થયો છે. સંવાદમય, સુખમય, સરળ, સ્નેહસુધાથી રસાયેલું સુરેખ જીવનચિત્ર પ્રભુએ પ્રથમથી જ દોરી આપ્યું અને તે જીવનપથપર ડગલાં પણ તેમણે જ ભરાવ્યાં. સાથ પણ તેમણે જ આપ્યો. અને જીવન ધન્યતાની પરમ મંઝીલે પણ તેમણે જ પહોંચાડયા! જીવન'હાશ'નો એહસાસ અદ્‌ભુત રીતે કરાવ્યો.

ખરેખર પ્રભુ પોતાના ભક્ત માટે કેટલું બધું કરે છે! પ્રભુ આટલેથી અટક્યા નથી! એ સારસ યુગલ ખંડિત થયું એમ કહેવાનો તો જીવ ચાલતો નથી, પરંતુ સારસી જીવનની અનંત-યાત્રાએ ચાલી ગઇ તો પ્રભુએ પ્રત્યક્ષ આવી અનંત સાથ ધર્યો. પૂ. મા એ પરમધામે દોડી આવ્યાં! શ્રી નારાયણને પોતાના અંકમાં ઉંચકી લીધો! અનંત વાત્સલ્ય વહાવીને શ્રી સરસ્વતીની સેવા-માંથી છોડાવીને પ્રભુચરણની સેવામાં જોડી દીધા!

ભાવનગરના એ પરમધામે પૂ. માની અદ્‌ભુત જીવનલીલાના અનેરાં દર્શન થયાં! પ્રભુ પોતાના ભક્ત પાછળ કેવા પાગલ થાય છે, કેવું વાત્સલ્ય વહાવે છે. તેનો પ્રત્યક્ષ અનુભવ થયો. પૂ. માએ કહ્યું પણ ખરું "અમને અમારી એકાંતની ઉન્નત અવસ્થાએથી

નીચે લાવવામાં શ્રી નારાયણભાઇ અને આશાએ મુખ્ય ભાગ ભજવ્યો છે. આ બંને ભક્તોએ અમને રીતસરનો પડકાર જ ફેંક્યો કે અમને છોડીને પરમોચ્ચ અવસ્થાએ કેવી રીતે આસીન થઇ શકશો? અમે પણ તમારું જ "નિવાસસ્થાન" છીએ. ભક્તો તો અમારા પરમપ્રિય એટલે તો બધું જ છોડીને તેમની પાસે દોડી આવ્યાં છીએ."

માતૃવાત્સલ્યનો પરમખજાનો પૂ. માએ એ પરમધામમાં જે રીતે લૂંટાવ્યો છે, તે ભૂલ્યો ભૂલાય તેમ નથી. ઘડીભર તો એમ થયું કે સતી જેવાં શ્રી સરસ્વતીજીના વિયોગમાં માતૃવાત્સલ્યનો આવો સંયોગ થતો હોય તો આમાં ખોટનો વેપાર ક્યાં થયો? અત્યાર સુધી તો જીવનતુલા સરખી સમતોલ રાખવાનો પણ ભાર અનુભવાતો હતો. હવે તો એ 'તુલાધારે' જ જીવનનો ભાર ઉંચકી લીધો! શ્રી નારાયણની પીઠપર એ વરદહસ્તે જે વહાલ વરસાવ્યું છે તે જોઇને આંખો ધન્ય થઇ ઉઠી! શ્રી નારાયણના એ વાળ-રહિત મસ્તક પર એ વહાલભર્યા વરદહસ્તે, પોતાના પ્યારા શિશુની એ માતૃવાત્સલ્યની પ્રેમાળ હૂંફે જે માવજત કરી છે તે આ પૃથ્વીના પરના અનેક આશ્ચર્યોથી પણ પરમશ્રેષ્ઠ આશ્ચર્ય છે. આ દેવદુર્લભ દર્શન હતું! એ પરમવાત્સલ્યના સાક્ષાત્કારની સુવર્ણઘડી હતી!

પરમાત્માના અવતારો તો આ પૃથ્વીપટે પ્રકટ થતા રહ્યા છે, પરંતુ પરમાત્માના એ માતૃસ્વરૂપના માધુર્યની તુલના થઇ શકે તેમ નથી. પૂ. માના દર્શનમાં એ પરમશક્તિના અનંત વાત્સલ્યના અદ્ભુત, અનુપમ મંગલમય લીલાદર્શને ધન્યતાના ધબકાર હૈયું સહજપણે અનુભવ્યા કરે છે.



સુંદરતાનું સદન તમે તો,
કોમલતાની ક્યારી,
કેમ કરીને કહી બતાવું
કહો મધુરતા ભારી!
આંખ સુધાના સરવર સરખી,
છે અત્યંત રૂપાળી,
ક્ષુલ્લક લાગે સુંદરતા ત્યાં
આ સૃષ્ટિની સારી.
કવિજન કેમ કરીને ગાયે
વેદે રહ્યા વિચારી!
રૂપ તમારું મંગલ એવું,
જોતાં લેતું તારી.
ગુણની ગણના થાય કદી ના,
શક્તિ પણ છે ન્યારી,
પાગલ કરી મને જીવન છે,
દીધું ખરે ઉજાળી.
અર્પણ કર્યું તમોને અંતર
મિલ્કત અર્પી મારી,
જીવનદાન કરી દીધું મેં,
ગયા બધુંયે હારી,
તમારા રૂપ પર ગયો વારી!

પૂ. માના આ પરમમંગલ રૂપપર કોને વારી જવાનું મન નહીં થાય! આ 'પરમધામ'માં પૂ. માના આ સ્વરૂપના સાક્ષાત્કાર પણ પૂ. નારાયણભાઇ, પૂ. સરસ્વતીબેન અને આપણા જેવા હજારોનાં જીવનદાન કરીને પણ આ માતૃમિલ્કત પ્રાપ્ત કરી લેવા

જેવી છે. અવસર ચૂકી જવાય એ પહેલાં આ અનંતનો સાથ મેળવી લઈએ, પછી તો મીરાંબાઈની જેમ બીજાને પરણવાની ચિંતા ક્યાં રહી અને રાંડવાનો ભય પણ ક્યાં રહ્યો? બસ, એ મુખડાની માયા લાગી જાય તો બેડો પાર થઇ જાય!

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા.
મુખડું મેં જોયું તારું,
સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું રે—મોહન પ્યારા.
પરણું તો પ્રીતમ પ્યારા
અખંડ સૌભાગ્ય મારા,
રાંડવાનો ભય ટાળ્યો રે—મોહન પ્યારા.

મીરાંબાઈની આ અંતરની આરજુનો સાક્ષાત્કાર આ પરમ-ધામમાં અનુભવ્યો. શ્રી સરસ્વતીબેન તો ગયાં પરંતુ શ્રી નારાયણભાઇનો વૈધવ્યનો ભય ખરેખર ટળી ગયો છે. પૂ. માએ તો અભયવચન આપતાં કહ્યું, "આજથી હવે તમે સંપૂર્ણપણે અમારા થઇ ગયા, અમારી સાથે જ રહો, દેશવિદેશમાં પણ સાથે જ ફરો."

કેવો અનુપમ અને અદ્‌ભુત છે. પૂ. માનો પરમપ્રેમ! આપણે વિચાર કરતા થઇ જઇએ કે શ્રી નારાયણભાઇએ ગુમાવ્યા કરતાં કેટલું મેળવી લીધું છે? શ્રી સરસ્વતીબેનનું દાન કરીને કેવડી મોટી માતૃમિલ્કત મેળવી લીધી છે! આ અવસર તે શોકનો કે પરમ માંગલ્યનો?

પૂ. માની રક્ષા તો જુઓ! ગરૂડે ચડીને ગજરાજની વહારે પ્રભુ ધાયા તે કેટલું પરમ સત્ય છે તે હવે સમજાય છે, પૂ. મા



પણ એવી જ રીતે ગરૂડે ચડીને વહારે દોડી આવ્યાં. મુંબઇથી વિમાનમાં ભાવનગર આવ્યાં અને બસ, એજ નરસૈયાના નાથે સરસ્વતી પાસેથી નારાયણને સંભાળી લીધો. એક ઘડીનો પણ વિલંબ કર્યો નથી, એ વિયોગ અને સંયોગના સાક્ષી થવાનું સૌભાગ્ય અમને સાંપડયું હતું.

પૂ. માએ પોતાના ભક્તને રક્ષાકવચનું રક્ષણ તો ક્યારનુંય આપી દીધું હતું. પૂ. માની દિવ્યદૃષ્ટિ આગળ મૃત્યુનું રહસ્ય છાનું રહ્યું ન હતું. પૂ. જીજીએ ૨૫, જાન્યુઆરી–'૯૪ ના રોજ પાર્થિવ વિદાય લીધી તે પહેલાંના કેટલાય દિવસોથી પૂ. મા દરરોજ મૌનમાં હોવા છતાં, મુંબઇથી અડધો કલાક શ્રી નારાયણભાઇ સાથે ફોનપર આ વસમા દિવસોમાં વ્હાલપ વરસાવતાં. પૂ. નારાયણભાઇ પર આ વ્હાલપની વર્ષા સંજીવનીનું કામ કરતી.

પૂ. સરસ્વતીબેન પરમ સતી હતાં. તેમનું પરસ્પર જીવન પ્રેમના તાણાવાણાથી એવું તો વણાયેલું હતું કે એકબીજાના સહારા વિના શ્રી નારાયણભાઇનું જીવનપોત વેરવિખેર થઇ જશે એવી ભીતી સહજ હતી! પૂ. જીજીની માંદગી દરમ્યાન પૂ. કાકાની વિરહવ્યથા અમે જોઇ હતી. તેઓ રાત્રે ઊંઘી શકતા નહીં, સરખું જમી શકતા નહીં, રાત્રે ઊઠીને કલમ હાથમાં લઇને પોતાની પૂ. જીજી પ્રત્યેની ઉર્મિઓને કાગળ પર ઠાલવતા નહીં ત્યાં સુધી તેમને ચેન પડતું નહીં, માંદગીના બિછાને નિશ્ચેતનદશામાં સમાધિસ્થ પૂ. જીજીને જોતાં તેમનું હૈયું હાથ રહેતું નહીં. જીવનભરનાં સંસ્મરણો વાતવાતમાં આંખોમાં ઉમટી પડતાં. વિશ્વાસ અને વફાદારી અને પ્રણયના એ જીવંતસ્મારકને વિલાતું જોવું અસહ્ય લાગતું. છૂટા પડવાની ઘડીઓ ગણાતી હતી, પરંતુ છૂટા પડી શકાતું ન હતું.

દિલમાં તમોને સ્થાપ્યાં, મમતાની સાથે માપ્યાં,
છો રોમરોમમાં વ્યાપ્યાં, ક્યાંથી જશો હવે તો?

જીવનભર જેમની સાથે મમતાના મજબૂત બંધનથી બંધાયેલા રહ્યાં તે બંધન હવે ઢીલું થતું જતું હતું. એ હૃદયવ્યથા અકળાવનારી હતી, પરંતુ પૂ. માના પરમ વાત્સલ્યે એ વ્યથાના વ્હેણને બદલી નાંખ્યું! પોતાના ભક્ત ખાતર પૂ. માએ પોતાની એકાંત સાધનામાં અડધો કલાકનો કાપ મૂક્યો. દરરોજ ફોન પર પૂ. માની સત્સંગ સરિતા વહેતી અને પૂ. કાકા તેમાં સ્નાન કરીને હળવાફૂલ બની જતા!

અંતિમ વિદાયની પળોમાં તો પૂ. મા અનેક સ્વરૂપે હાજરી પૂરાવી રહ્યાં. માતૃબંધને બંધાયેલા અનેક ભક્તો પૂ. કાકાની પડખે આવીને ઊભા રહ્યા. અંતિમ વિદાયના એ દિવસે આખો દિવસ પૂ. માનો ફોન ચાલુ જ રહ્યો. પૂ. માની સૂક્ષ્મ હાજરી અહીં સતત અનુભવાતી હતી. એ માતૃહૃદયની વ્યથા, ચિંતા પોતાના ભક્તને ઉગારવા એટલી તો ઉગ્ર હતી કે પૂ. મા મુંબઇ હોવા છતાં પૂ. માની સૂક્ષ્મ હાજરી અમે સૌ અનુભવી શકતા હતા. પૂ. કાકાના શબ્દે શબ્દે પૂ. માની હાજરી પૂરાતી. શોક દર્શાવવા આવનાર પ્રતિ પૂ. જીજીને બદલે પૂ. માની વાતો થતી. અંતિમ વિદાયના દિવસે સવારથી સાંજ સુધી પૂ. મા વાણીથી ફોનપર સતત હાજર રહ્યાં. આપણી ચિંતા ને વ્યથા ઘણી વખત ઉપરછલ્લી અને બનાવટી પણ હોઇ શકે, પરંતુ પૂ. માના ભાવો તો એમના હૃદયના ધબકારમાંથી સીધા જ ધ્વનિત થતા સ્પષ્ટ અનુભવી શકાય! લાખ વાતેય પણ આપણે પૂ. માની લાગણીને વાચા આપી શકીએ નહીં!

આ અવસ્થામાં પૂ. માએ પૂ. કાકાની પળેપળની સંભાળ રાખી છે. ભગવાન પોતાના ભક્તની જે સંભાળ રાખે છે, જે ચિંતા કરે છે, વ્યથાના વમળમાંથી ઉગારવા જે પ્રયાસો કરે છે તેની પાસે માનવના પ્રયાસો વૃથા અને વામણા લાગે છે. પોતાના શરણાગત ભક્તની પોતાની જાત કરતાં પણ પૂ. માએ અનેકગણી ચિંતા કરી છે.



પૂ. માએ બંને મોરચે બાજી સંભાળી છે. એક ભક્તને શોક સંતપ્ત દશામાંથી બહાર કાઢ્યા છે તો દિવંગત ભક્તને મૃત્યુ પછીની સદ્ગતિ આપી છે. આપણે સામાન્ય રીતે કહીએ છીએ કે આપણે પાંચ ડગલાં ચાલીએ તો પ્રભુ દશ ડગલાં ચાલીને સામો આવે છે. પરંતુ બેન આશા પૂ. માના પરમપ્રેમને યથાર્થરીતે વ્યક્ત કરતા લખે છે. "પૂ. મા તો આપણને ડગલુંય ચાલવા દેતાં નથી. દોડી આવીને ઊંચકી લે છે."

પૂ. જીજીની મરણોત્તર ક્રિયાઓ પૂ. માએ જાતે જ અદ્ભુત રીતે સંપન્ન કરાવી છે. સમગ્ર ગુજરાતમાંથી ભક્તસમાજને આમંત્રી ભાવનગરમાં 'પરમધામ'ના આંગણે શ્રી પંડિતજી જેવા ભાવિક ભક્તના આચાર્યપદે વિધિપૂર્વક નવચંડી યજ્ઞના પવિત્ર વાતાવરણ વચ્ચે પરિપૂર્ણ કરી સૌ ભક્તસમાજને મિષ્ટાન્ન ભોજન જમાડીને પરિતૃપ્ત કર્યા છે. સૌને યથાશક્તિ દાનદક્ષિણાઓ પણ આપી. એટલું જ નહીં પણ પૂ. જીજીના પવિત્ર અસ્થિઓને ભગવાન સોમનાથના સાન્નિધ્યે આવેલા ત્રિવેણીસંગમમાં અને હરિદ્વારના હરકીપેડીપર આવેલા બ્રહ્મકુંડમાં પોતે જાતે ઉપસ્થિત રહીને વિસર્જન કરાવ્યું છે. આ માટે પૂ. માને છેક મુંબઇથી સોમનાથ અને હરિદ્વારની લાંબી કષ્ટપ્રદ યાત્રાઓ કરવી પડી છે. ભલે એ માટે પોતાને ગમે તેટલું શારીરિક કષ્ટ પડે, તો

પણ પોતાના પ્રિય ભક્તનો ઉદ્ધાર કરીને જ જંપે છે. પૂ. માની આ ભક્તવત્સલતા છે.

પ્રકટ સ્વરૂપનું સાન્નિધ્ય શું નથી આપતું? પોતાના લીલા-પ્રસંગોના સાક્ષી બનાવીને ભક્તોને પરમાનંદમાં સ્નાન કરાવે છે. પૂ. મા એ પરમશક્તિના પ્રતિનિધિ નથી, પરંતુ સ્વયં એ પરમ-શક્તિ પ્રકટ સ્વરૂપે આપણી વચ્ચે જ વિહરે છે. પોતાને જે ભાવથી ભજે છે તેની વહારે કેવાં અદ્‌ભુત રીતે ચડે છે તે આપણે અહીં પૂ. જીજી અને પૂ. કાકાના પ્રસંગમાં જોયું. નિઃસ્વાર્થ પરમપ્રેમ સિવાય પૂ. માને બીજી કોઇ અપેક્ષા નથી. બીજાના ધનની અપેક્ષા તો એક બાજુ રહી, પરંતુ બીજાને ધનની મદદ કરવામાં પાછુ વાળીને જોતાં નથી. ગુરુ બનીને કોઇનું શિષ્યત્વ સ્વીકારવાની અધિકાર ભાવના એ અંતરમાં ક્યારેય જાગી નથી. મનોહર આશ્રમોની સુંવાળપ તેમને સ્પર્શી નથી કે કોઇ મઠાધિ-પતિની ગાદી ગળે વળગાડી નથી. સિદ્ધિઓનું સ્વામીત્વ હસ્તા-મલકવત્ હોવા છતાં તેમનું ક્યાંય પ્રદર્શન નથી. એક માત્ર પરમ-પ્રેમના માધુર્યમાં એ વિશ્વપતિનું પ્રાકટ્ય પ્રકાશી રહ્યું છે. એ પરમપ્રેમનાં અધિકારી બનવામાંજ આપણું પ્રેય અને શ્રેય સમાયેલું છે. એ પ્રેમસ્વરૂપાને પ્રેમે પામી લઇએ.

પ્રેમ કરી તું જપજે એને, શ્વાસેશ્વાસે રટજે નેહે,
કૃપા કરી દે કૃપાળુ ત્યારે, તરી જશે કેવલ તું પ્રેમે.

(ભાગ–૧ પૂર્ણ)



# સ્વામી બુવાજી–એક પરિચય

**પરમાર્થી**

પ્રભુની પરમ શક્તિ ધારે ત્યારે કોઇને ભેટાવી દે છે અને ધારે ત્યારે કોઇનાથી છૂટા પણ પાડી દે છે. શ્રી નરેન્દ્ર નાણાવટી ને ધીરજબહેન નાણાવટી સાથેની અમારી મુલાકાત એવી અચાનક હતી. તા. ૨૭/૭/૯૩ ને દિને પૂ. મા સર્વેશ્વરીનાં દર્શન કર્યાં ત્યારે મને ખબર નહોતી કે પૂ. મા બે દિવસ પછી ભારત જનાર છે અને શ્રી નાણાવટી સાથે અમારું મિલન થનાર છે. તા. ૨૮ મીએ રાત્રે પૂ. માએ ફોન કરીને નાણાવટીને બોલાવ્યા હતા ને મારો પરિચય કરાવ્યો હતો. તેઓ સત્સંગી હતા એટલે ટૂંકી મુલાકાતને ગાઢ મૈત્રીમાં ફેરવાતાં વાર લાગી નહીં.

તેમણે ૨૧/૮/૯૩ ને ૨૨/૮/૯૩ ના દિને સત્સંગ માટે દસ દિવસ અગાઉથી જ મને આમંત્રણ આપી દીધું હતું. તેમના આમંત્રણને માન આપીને અમે બે દિવસ તેમના નિવાસે રહેવા ગયેલા. તા. ૨૨/૮/૯૩ ને દિને સ્વામી બુવાજીનાં દર્શને જવાની પણ વ્યવસ્થા તેમણે ગોઠવી દીધી હતી. પરંતુ પરમાત્માની અસીમ કૃપાથી તેમની પાસે જવાને બદલે સ્વામી બુવાજી પોતે જ નાણાવટીના ઘરે પધાર્યા હતા ને પરિણામે રાત્રે બાર વાગ્યા સુધી તેમના સંગમાં રહેવાનો અપૂર્વ લાભ અમને પ્રાપ્ત થઇ શક્યો હતો.

તેમને “બુવાજી” કેમ કહેતા હશે તે મારાથી જાણી શકાયું નહોતું. બુવાજી શબ્દ આપણી ગુજરાતી ભાષાનો દાદાજી શબ્દ જેવો લાગે. છતાં તે નામ પાછળ માન આપવાની ભાવના રહેલી

છે એમ લાગે. તેઓ જન્મે દક્ષિણ ભારતના બ્રાહ્મણ. તેમનો જન્મ થયો ત્યારે પિતાની અત્યંત ગરીબાઈ. વળી જન્મથી જ તેમનું શરીર ખોડખાંપણવાળું હતું. પિતાને બાળકો પણ અનેક હતાં તેથી તેમના તરફ બરાબર લક્ષ અપાતું ન હતું. તેમાં ભયંકર બિમારી લાગુ પડી એટલે જીવનની તો કોઈ આશા રહી ન હતી. છેવટે મરણને શરણ થયા હતા. એક તો ખોડમાં પણ, વધારેમાં ભયંકર બિમારી અને ગરીબાઈ પણ તેટલી જ એટલે આસ-પાસના લોકો તો મરી જાય તો જ સુખી થાય એવું ઈચ્છતા હતા. એટલે મરણ થવાથી સૌને આનંદ થયેલો. શરીરને સ્મશાને લઈ જવામાં આવ્યું હતું ત્યારે તેને દાટી દેવું કે બાળી મૂકવું તે સમસ્યા ઊભી થઈ હતી. છેવટે ચિતા ખડકવામાં આવી હતી. ઉપરથી તો વરસાદ આવવાની તૈયારી કરતો હતો. શરીર ચિતા પર મૂક્યું ત્યારે મેઘરાજાની પધરામણી થઈ ચૂકી હતી. ચિતા સળગાવી અને તે બરાબર સળગે તે પહેલાં તો મૂશળધાર વર-સાદ ચાલુ થઈ ગયો હતો. ડાઘુઓ ચિતા સળગાવીને ભાગી ગયા હતા. ચિતા આપમેળે સળગી જશે એવી કાંઈ વિચારણાથી કોઈ ત્યાં ઊભું રહ્યું ન હતું. પરંતુ ધોધમાર ધારાથી ચિતા તો હોલવાઈ ગયેલી ને બાળક તો ઉપર જ સૂતેલું હતું. એવામાં એક સંત રસ્તેથી પસાર થતા હતા. તેમણે ચિતા પર સૂતેલું બાળક દીઠું. તેમણે નજીક આવી જોયું તો બાળકમાં હજી પ્રાણ હતો. તેમણે કોઈ આમતેમથી વનસ્પતિ લાવીને સુંઘાડી અને ખવરાવી એટલે બાળક તો બેઠું થયું. સંતે તેના વડીલને શોધી બાળકને સોંપી દેવાની તજવીજ કરી તો આશ્ચર્ય થયું. 'ભૂત ભૂત' કહી લોકો ભાગી ગયા અને બાળકને સ્વીકાર્યું નહિ. આખરે સંત પોતાની સાથે લઈ ગયા હતા ને હિમાલયની ગોદમાં રમવાની તે બાળકને સોનેરી તક મળી હતી. સંતોની કૃપાથી નાનીવયમાં જ કાયા-



કલ્પનો પ્રયોગ કરવામાં આવેલો પરિણામે શરીર પર કોઈપણ જાતની ખોડખાંપણ પણ રહી ન હતી. કુદરતને ભરોસે ને સંતની અસીમ કરુણાથી બાળક મોટું થયું હતું ને એક મહાન યોગી તરીકે આજે સૌને આકર્ષી રહ્યું હતું!

આજે તો તેમની ઉંમર ૧૧૦ વર્ષની હતી. હજી માત્ર સિત્તેરે પહોંચ્યા હશે એવો તેમનો દેખાવ હતો. તમામ અંગો હજી પણ સાવ તંદુરસ્ત હતાં. ચશ્મા વિના વાંચી શકે અને કોઈના પણ ટેકા વિના હાલીચાલી ને દોડી શકે તેટલા મજબૂત હતા. તેમની ચાલ પણ ઝડપી હતી. મારે તો તેમની સાથે દોડવું પડયું હતું. હજી દાંત બધા જ જેમને તેમ હતા. યુવાનને પણ શરમાવે તેવી શરીર પર તાજગી હતી. માત્ર સફેદ વાળ જ તેમના વૃદ્ધત્વની ઉડીને આંખે વળગે તેવી નિશાની હતી.

છેલ્લા પચ્ચીસ વર્ષથી તેઓ ન્યૂયોર્કમાં રહે છે. અનેક અમેરિકનોને આસન, પ્રાણાયામ અને મુદ્રાઓની તાલીમ હજી પણ આપી રહ્યા છે. એક રસોડું અને બે રૂમ તેમના નિવાસ-સ્થાનનો વૈભવ હતો. દર મહિને ત્રણ હજાર ડોલરનું ભાડુ ભરવું પડે છે. કોઈ મહિને ભરાય રહે છે તો કોઈ મહિને ઘટે પણ છે. બીજે મહિને એટલી આવક કુદરત વધારી આપે છે ને હિસાબ સરભર કરી દે છે. તેમણે ખાસ ભારપૂર્વક કહ્યું:—

પ્રાણાયામી પ્રાણને અપાનમાં હોમે,
પ્રાણ રોકતાં, પ્રાણમાં અપાનને હોમે.
કાબુ કરી આહારનો હેમે પ્રાણે પ્રાણ,
યજ્ઞ જાણતા; યજ્ઞથી પવિત્ર સૌને જાણ.
યજ્ઞામૃત ખાનારને ઈશ્વરપ્રાપ્તિ થાય,
યજ્ઞહીનને આ જગે, પછીય સુખ ના થાય.

જુઓને, હઠયોગરૂપી યજ્ઞથી માનવ પવિત્ર બને છે તે કૃષ્ણવાણી પણ શાખ પૂરે છે. પ્રાણને અપાનમાં તથા અપાનને પ્રાણમાં હોમવાની ક્રિયા બાહ્યકુંભક, આંતરિકકુંભક ને કેવળ-કુંભકમાં શક્ય બને છે ને સાધક કુંભકને સિદ્ધ કર્યેથી પોતાના તન–મનને પાવન બનાવી શકે છે. એ રીતે હઠયોગરૂપી યજ્ઞનું અમૃત પ્રાપ્ત કરી તે ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે અને પોતાનું જીવન કૃતાર્થ પણ કરી શકે છે. બાકી હઠયોગને અવગણે છે તે કદી સુખી થતો નથી.

સ્વામીજી અસ્ખલિત રીતે હઠયોગનો મહિમા મને સમજાવી રહ્યા હતા. તેમનું ભારપૂર્વકનું કથન મારામાં ઇંતેજારી વધારી રહ્યું હતું. વિજ્ઞાન હઠયોગ વિશે કેવો અભિપ્રાય ધરાવે છે તે વિશે મેં સ્વામીજીને પૂછ્યું ત્યારે તેમણે તરત જ કહ્યું કે શ્વાસોશ્વાસની ક્રિયાને આધારે આ જીવન ચાલે છે તેની ના નહિ, પણ એક માત્ર તે દ્વારા પ્રાણવાયુને કાર્બન ડાયોક્સાઇડથી જ જીવન ધબકે છે એવું ડોક્ટર લોકોનું માનવું ભ્રમણાયુક્ત છે. શ્વાસોશ્વાસની ક્રિયાને જ તેઓ પ્રાણ કહે છે તે ખોટું છે. પ્રાણ તો શ્વાસોશ્વાસની ક્રિયાને ચલાવનારો સત્તાધીશ પ્રધાન જેવો છે. ડોક્ટરો દરદીને ઓક્સી-જનનો (પ્રાણવાયુનો) બાટલો ચઢાવીને જ જીવાડવા માંગતા હોય તો ઘણીવાર તેઓ નિષ્ફળ કેમ જાય છે તેના પર વિચાર કરવાની જરૂર છે. દરદીમાં પ્રાણ હોય તે પ્રાણવાયુનું શોષણ કરે છે તેથી તે પ્રાણવાયુ શરીરને ઉપયોગી થઇ શકે છે. એનો અર્થ એ થયો કે પ્રાણવાયુ કરતાં પ્રાણ નામનું તત્ત્વ અલગ છે. તેના વિના પ્રાણવાયુ પણ કાંઇ કરી શકે નહીં. આ રીતે ડોક્ટરોએ સમજવું જોઇએ કે પ્રાણ તો મનને પરમાત્મા સાથે જોડી દેનારો એક મહાન ઇજનેર છે. કહો કે એક મહાન કલાકાર છે. શ્વાસોશ્વાસની ક્રિયાને ઓથે તે છૂપાઇને રહેલો હોવાથી ડોક્ટરોના ને લોકોના ધ્યાનમાં આવતો નથી. એટલે તેના મહિમાનો ખ્યાલ કોઇને હોતો નથી. માત્ર સાચા યોગીને જ હોય છે. યોગી તેની કલાને સમુચિત રીતે પરખે છે અને તેની કલાનો ઉપયોગ પોતાના વિકાસમાં સારી રીતે કરી શકે છે.



વિજ્ઞાને સમજવું પડશે કે આપણે માત્ર શરીર નથી, તેથી વિશેષ છીએ. આપણે માત્ર શ્વાસ નથી પણ તેથી વિશેષ છીએ. આપણે વિચાર કરી શકીએ તેવા ચેતન છીએ. તેથી વિચાર કરનાર કોઇક આપણી અંદર છે તેને આપણે ભલે મન કહીએ. તે ગમે તેવા વિચાર કરે તે આપણને પાલવે નહિ. તેથી તેના પર અંકુશ હોવો જરૂરી છે. સમગ્ર વિચારતંત્રના માહિતગાર થયા વિના તેના પર અંકુશ પણ નહીં સ્થાપી શકાય. જેમ આપણે મોટરકાર ચલાવતા હોઇએ ત્યારે ગાડી આપણા કાબુમાં ત્યારે જ રહે છે કે જ્યારે મોટરના તંત્રની આપણને માહિતી હોય છે. જો પૂરતી માહિતી ન હોય તો અકસ્માત થવાનો પૂરેપૂરો ભય રહે છે. ગાડી ચલાવતા પહેલાં આપણે તેની જાણકારી એટલા માટે તો મેળવી લઇએ છીએ. તો જ લાઇસન્સ પણ મળે છે. તે જ રીતે આપણામાં રહેતા વિચારતંત્રની આપણને માહિતી હોવી જરૂરી છે. તેના વિના તેના પર કાબુ મેળવી શકાતો નથી. માહિતી હશે તો કાબુમાં રાખવાની યુક્તિ સૂઝશે.

શ્વાસની ક્રિયાને મન સાથે સીધો સંબંધ છે. જો તમને દુઃખદ સમાચાર જણાવવામાં આવે તો તરત જ તમારું મન ચિંતિત બની જાય છે. પરિણામે શ્વાસક્રિયામાં ફેરફાર થઇ જાય છે. શ્વાસમાં આપણે જાણે કે થોડીક અડચણ પણ ક્યારેક અનુભવીએ

છીએ. અંદર લોહીનું અભિસરણ પણ બદલાય જાય છે. ફેફસાંની ક્રિયામાં થોડો અવરોધ આવી જતો અનુભવીએ છીએ. આ રીતે આપણા સમગ્ર શરીર પર ઘેરી અસર થઇ જતી હોય છે. તેથી શ્વાસોશ્વાસની ક્રિયાને એટલે કે શ્વસનતંત્રને પણ બરાબર જાણી લેવું જરૂરી છે.

આપણે શ્વાસ લઇએ છીએ તે ક્યાંથી આવે છે ને કેવી રીતે આવે છે તે સમજીશું તો જણાશે કે બે દ્વારપાળો—એક ડાબી બાજુ ને બીજો જમણી બાજુ ગોઠવાઇ જઇને શુદ્ધ હવા અંદર પહોંચાડવાનું ને અશુદ્ધ હવાને બહાર કાઢવાનું કાયમ ધ્યાન રાખે છે. તે Supply (પૂરવઠો) ક્યાંથી આવે છે તે વિચારીશું તો જણાશે કે એક વૈશ્વિક ચેતનાનું કેન્દ્ર છે ત્યાંથી નિયમિત પૂરવઠો મળ્યા કરે છે. વૈશ્વિક ચેતનાનો જે નિયામક છે તે તેનું બરાબર ધ્યાન રાખે છે. જાણે કે સતત આપણા બે દરવાનો સાથે તેની એકવાક્યતા હોય તેમ જણાય છે. જે વૈશ્વિક ચેતનાનું કેન્દ્ર છે તેને આપણે અંગ્રેજીમાં Cosmic reality centre કહીશું તો યોગ્ય ગણાશે. તેના નિયામક સાથેનો પરિચય કરવાનું કોને ન ગમે?

પ્રત્યાહાર એટલે ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળવી અને આપણી અંદર જે ચેતનાનું કેન્દ્ર છે તેમાં તેને જોડવા પ્રયત્ન કરવો. તે ક્રિયા સાધકથી એકદમ સીધી રીતે થઇ શકતી નથી. તે માટે તેણે સમૂળગું બદલાવું પડે છે. તેણે તેની તમામ ટેવોને બદલવી પડે છે. એટલું જ નહીં પણ માન્યતાઓને પણ બદલાવું પડે છે. રુચિને પણ બદલવી પડે છે. તો જ સાધક પ્રત્યાહાર સારી રીતે કરી શકશે. જેમ જેમ પ્રત્યાહારની ક્રિયામાં પ્રગતિ થશે તેમ તેમ અંદર રહેલા ચેતનાના કેન્દ્રનિયામકનો પરિચય કરવાનું



મન પણ થશે. પરિચય વધશે તો પ્રેમ વધશે ને સાધક પોતાનું આત્મકલ્યાણ સાધી શકશે.

સ્વામીજીએ અંતે કહ્યું કે આ રીતે હઠયોગ જીવને શિવનું મિલન કરાવવામાં અત્યંત ઉપયોગી થાય છે તે કદી ભૂલશો નહિ. સ્વામીજીનો વિશાળ અનુભવ તેમની વાણીમાં સ્પષ્ટ થતો હતો અને મને તે કારણે હઠયોગની વાત સમજવામાં જરા પણ મુશ્કેલી નડી નહીં. અનુભવી પુરુષોનો ભેટો વારંવાર પ્રભુ કરાવી દે તો આપણે પણ ઉતાવળે, જલદી જલદી, આત્મકલ્યાણ સાધી શકીએ એમાં શંકાને કોઇ સ્થાન નથી. સ્વામીજીની વાતો સાંભળી મારામાં નવું જોમ આવ્યું અને આનંદથી નાચી ઊઠયો. પૂ. મા સર્વેશ્વરીએ કેવી સરસ મારા પર કૃપા વરસાવી કે નાણાવટીની મુલાકાત કરાવી દીધી. ટૂંકા પરિચયે નાણાવટી દ્વારા સ્વામી બુવાજીની મુલાકાત થઇ શકી. નરસિંહ મહેતાની પેલી પંક્તિઓ યાદ આવે છે :

જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ મળતું !

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

# પ. પૂ. માની હરદ્વારયાત્રા

તંત્રી

પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરી તા. ૧૦ માર્ચ, '૯૪ થી હરદ્વાર છે. તેઓની હરદ્વાર યાત્રાનું પ્રારંભિક પ્રયોજન તો શ્રી શ્રીમધુભાઈ ભક્ત અને શ્રીમતી સરસ્વતીબેન નારાયણભાઈ જાનીનાં ગંગામૈયામાં અસ્થિવિસર્જનનું હતું. જો કે આ પ્રયોજનનો લાભ બીજા સાત માનવોને પણ મળ્યો—જેમાંના બેએકનો સ્વર્ગવાસ તો વિદેશની ધરતી ઉપર થયેલો. પરંતુ એ મૃતાત્માઓનું પણ કેવું સૌભાગ્ય!

પ. પૂ. મા શ્રી સર્વેસ્વરી હાલ પણ હરદ્વારમાં (આર્યનિવાસમાં) છે. હાલ તેઓ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના પરિચયમાં શી રીતે આવ્યાં અને તે પછી મા શ્રી સર્વેશ્વરીના જીવનમાં કેવું પરિવર્તન આવ્યું, તેઓને પૂ. મોટાના મૌનમંદિરમાં બેસવાથી કેવા ફાયદા થયા અને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના પત્રોએ તેમ જ પ્રત્યક્ષ દર્શનોએ એમના જીવનનો પ્રવાહ કેવો પલટાવી નાંખ્યો, તેની સરસ કથા તેઓ લખી રહ્યાં છે.

તેઓની કલમ અત્યારે સરસ રીતે ચાલી રહી છે. આ તેઓનું એક મહત્ત્વનું યુગકાર્ય છે. દસ વર્ષના એકધારા અન્નવિનાના અને ૧૦૦૦ જેટલા પાણી વગરના નિર્જળા ઉપવાસો પણ એમની શક્તિઓને ક્ષીણ કરી શક્યા નથી. એથી ઉલટું, તેઓ એકાસને કલાકો સુધી બેસી, પોતાનું અદ્ભુત લેખનકાર્ય કરી રહ્યાં છે. તેઓની યાદદાસ્ત પણ આટલા કઠોર તપ પછી પણ અકુંઠિત રહી છે, તે કેવું કહેવાય?



સૌથી આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ છે કે નિર્જળાના દિવસે પણ પૂ. મા ૧૨૫ પ્રણામ પૂજ્ય ગુરુદેવને કરે છે. તે ઉપરાંત, શીર્ષાસન, સર્વાંગાસન, બદ્ધપદ્માસન, મયૂરાસન, જેવાં કેટલાંય અઘરાં આસનો પણ નિયમિત રીતે કરતાં રહે છે. બીજી હળવી કસરતો પણ ખરી. આ બધા માટે જોઈતી શક્તિનો સ્રોત પૂ. મામાં ક્યાંથી આવે છે, તે તર્ક કે બુદ્ધિથી સમજી શકાતું નથી એટલે જ માનવું પડે કે એ ખરેખર 'ભાગવતી તનુ' કે પ્રભુની પરમ કૃપા પ્રાપ્ત શરીર છે જેને તે પોતાની દિવ્ય શક્તિથી સાચવતા રહે છે.

પ. પૂ. માનું સાન્નિધ્ય અને સત્સંગ હરદ્વારમાં જે કોઈ સાધકો માણવા ભાગ્યશાળી થયા તેઓ ખરે જ ખૂબ લાભ પામ્યા. પૂ. માએ ખૂબ હળવા મને સાધકોને જીવનનું અદ્ભુત આધ્યાત્મિક ભાથુ પીરસ્યું. પોતાના દર્શન અને સત્સંગનો આવો વિરલ લાભ સાધકોને છેલ્લા કેટલાય વર્ષોમાં કદી મળ્યો નથી. એ એક નોંધપાત્ર હકીકત છે.

એક સાચા સંતનું સાન્નિધ્ય અને સત્સંગ, હરદ્વાર તીર્થમાં, ગંગામૈયાના કાંઠે, સાંસારિક સમસ્યાઓથી અળગા રહી પ્રસન્ન મને માણવું, એ એટલું બધું દુર્લભ છે કે કોઈ વિરલ ભાગ્યશાળી લોકો જ પામી શકે. સંસ્કારો કે ભાગ્ય વિના તેનો લાભ—સંપત્તિ, સાધનો અને સમય હોવા છતાં, માનવો લઈ શકતા નથી; આ કરૂણતા શું ઓછી છે?

પૂ. મા હરદ્વાર ક્યાં સુધી રોકાશે તે નિશ્ચિત નથી. પરંતુ કદાચ મે મહિનાના અંત સુધી રોકાય પણ ખરાં. બધો આધાર તેઓના લેખનકાર્યની પૂર્ણાહુતિ પર રહેલો છે. પૂ. મા હાલ ખાસ પત્રો વાંચતાં નથી. તેઓ સમય મળ્યે તે જોશે. આથી સાધક ભાઈબેનોને વિનંતિ કે પૂ. માના લેખનકાર્યમાં વિક્ષેપ થાય તેવું કાંઈ ના કરે. □

# આશાનું જીવન

મંજુલાબેન ભાવસાર

નોંધઃ-[આ પત્રનાં લેખિકા બેન શ્રી મંજુલાબેન ભાવસાર પોતે વિધવા છે. તેમના પતિનો લગ્ન પછી ટૂંક સમયમાં અકસ્માતથી સ્વર્ગવાસ થયો. તે ભારે આઘાતની ઊંડી અસરમાંથી પ. પૂ. શ્રી યોગેશ્વરજીના સંપર્કમાં આવ્યા પછી દસ વર્ષે ધીરે ધીરે બહાર આવી શક્યાં. કદાચ પૂ. યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવા સમર્થ સંતોનો પરિચય તેમને ના થયો હોત તો, આવા કરુણ આઘાતમાંથી બહાર આવતાં શ્રી મંજુલાબેનને એથી પણ વધુ સમય લાગ્યો હોત. શ્રી મંજુલાબેન હાલ બેંક ઓફ બરોડામાં સર્વીસ કરે છે.

શ્રી આશાબેન ભક્ત (વાવ) થી તો અધ્યાત્મના વાંચકો પરિચિત છે. તેઓના જીવનમાં નવેમ્બર ૯૩ માં આવો જ કરૂણ પ્રસંગ બની ગયો. તેઓના પતિ શ્રી મધુભાઇનો અચાનક સ્વર્ગવાસ થઇ ગયો. માત્ર ૧૨ વર્ષના સુખી લગ્નજીવનનો આમ અચાનક કરુણ અંત આવ્યો, તેનું દુઃખ અને આઘાત કેવાં ભારે હોય, તે કલ્પી શકાય એમ છે. આશાબેનને વિકાસ નામે ૧૦ વર્ષનો પુત્ર પણ છે.

આવી વિષમ પરિસ્થિતિમાંથી શ્રી આશાબેનને શોક ને આઘાતમાંથી બહાર લાવી, જીવનના સામાન્ય પ્રવાહમાં માત્ર ત્રણચાર માસમાંજ પ્રસ્થાપિત કરવાનું ભગીરથ કાર્ય પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીએ કેવું કર્યું છે, તેનું દર્શન શ્રી મંજુલાબેન



ભાવસારના પત્રમાં સરસ રીતે વ્યક્ત થયું છે. તે હર માનવને પ્રેરણાસ્પદ હોવાથી અધ્યાત્મમાં રજુ કરેલ છે.

આ પત્ર શ્રી મંજુલાબેને વડોદરાથી પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને હરદ્વાર લખેલ છે.

—તંત્રી]

પૂજ્ય પ્યારા મા,

ચરણારવિંદમાં સાદર પ્રણામ.

વાવની પાવન યાત્રા કરી આવી. વાવની યાત્રાથી નવી સમજ, નવી દૃષ્ટિ મળી. આશાબેનના અંતર જગતનું પણ થોડું દર્શન કર્યું.

મધુભાઇના મધુર સ્મરણોમાં રમતી આશાના હૃદયમાં પૂ. માએ કેવું સ્થાન મેળવ્યું છે, તે જોયું. મધુભાઇના સ્મરણમાં રહેતી આશાના હૃદયમાં મા–પ્રભુનું સ્થાન વજ્રલેપ જેવું છે. દુઃખના ડુંગર કે સુખનો મહાસાગર પણ તે સ્થાનને હટાવી શકે તેમ નથી.

ભક્ત અને ભગવાનની અલૌકિક લીલા નિહાળી. ભગવાન ભક્તની સતત ચિંતા કરે છે, તેમ ભક્ત પણ ભગવાનની સતત ચિંતા કરે છે. ભક્ત વિચારે છે કે હું શું કરું તો મારા ભગવાન પ્રસન્ન રહે. ભગવાનને પ્રસન્ન કરવા માટે ભક્તે પોતાના દુઃખના દાવાનળને અને બધી જ સ્મૃતિઓને હસતા મુખે વિદાય આપી છે. એક જ ઇચ્છા છે "સત્સંગ દીપાવવો છે. પૂ. માનું નામ દીપાવવું છે."

ખૂબ કામ અને જવાબદારી વચ્ચે પણ ખૂબ જ પ્રસન્નતાથી રહે છે. આવી પડેલી દુઃખદ પરિસ્થિતિને પણ ગૌરવ આપી શોભાવી રહ્યાં છે. આશાબહેનનું હૃદય એટલે પ્રેમનો દરિયો.

સવારથી જ પોતાના ઘરમાં રહેલા મૂંગા પ્રાણી, નોકરો, નાના બાળકો તથા મિત્રો અને સ્વજનોની સાથે ખૂબ જ પ્રેમથી વર્તે છે.

મધુભાઇના મિત્રો જે ખેતી અથવા બીજાં કામો કરી રહ્યા છે તે પણ ઘણા સજ્જન માણસો લાગે છે. પ્રભુની કૃપા વિના આવા સારા માણસો મળવા મુશ્કેલ છે.

મા, આશાબેન મા–પ્રભુ માટે બહુ જ સુંદર સ્વપ્ન લઇને ફરી રહ્યાં છે. પોતાના સ્વપ્નને સાકાર કરવા માટે તેમની પાસે સમજ છે. તે અંગેના આયોજનનું પણ વિચારી રહ્યાં છે. સમય આવતાં તેના પ્રયત્નો પણ શરૂ કરી દેશે. પ્રભુ એ સ્વપ્નને જલ્દી સફળ કરે તેવી પ્રાર્થના. સ્વપ્ન શું છે તે પૂછશો નહીં? તે તો આશાબેનનું સસપેન્સ છે. જે કાર્ય અત્યાર સુધી કોઇએ વિચાર્યું નથી કે કર્યું નથી, તેવું કાર્ય કરવા માગે છે. કદાચ તેથી જ તે પોતાનું કાર્યક્ષેત્ર છોડવાનું પસંદ કરતાં નહીં હોય.

પ્રભુની પણ ખૂબ ખૂબ સુંદર વાતો કરી. અત્યારે પણ પ્રભુ તેમની વાતો સાંભળી તેમને કેવી મદદ કરી રહ્યા છે, તે વાતો સાંભળી ખૂબ જ આનંદ થયો.

અમારી વાતનો વિષય મા અને મધુભાઇ રહેતો હતો.

મધુભાઇ અને તેમની વિદાય અંગે તેમનો દૃષ્ટિકોણ ધીરે ધીરે બદલાતો જાય છે. મધુભાઇ સામે પહેલા ફરિયાદનો સૂર હતો કે આવી રીતે વિદાય થાય તે બરાબર નથી. પરંતુ હવે સમજાયું છે કે જે થયું તે યોગ્ય જ થયું છે. વિધિનું વિધાન જ એવું હશે. મધુભાઇને જે અભિનય ભજવવાનો હતો તે ભજવીને ગયા અને સત્ય સમજાવતા ગયા કે મૃત્યુ દરેકને માટે નિશ્ચિત છે. મા, કેવી વાતો થઇ હતી તેના ઉદાહરણ રૂપે આ વાત લખી રહી છું.



આશાબેન કહે છે કે પૂ. મા ના હોત તો વિકાસ અનાથ થઇ ગયો હોત, મને પોતાને જ નવાઇ લાગે છે કે ચાર મહિનામાં હું આવી ટટ્ટાર કેવી રીતે થઇ ગઇ! આશાબેન પોતાના વ્યાવહારિક નિર્ણયો પણ ખૂબ જ દૃઢતા અને નીડરતાથી લઇ રહ્યાં છે. વ્યવહારિક કામો અંગેની પણ વાતો થઇ હતી. એમણે જે નિર્ણયો લીધા છે તે ખૂબ સુંદર છે. યોગ્ય સમયે લીધા છે. તે જાણી આનંદ થયો અને શાંતિ થઇ. જે વાતનો સ્વીકાર કરતાં, નિર્ણય લેતા મેં દસ વર્ષ કર્યાં હતાં તે વાતનો નિર્ણય આશાબેને માત્ર ચાર મહિનામાં લઇ યોગ્ય કાર્યવાહી કરવા માંડી છે, આ કેવું અદ્‌ભુત છે!

આશાબેનના ઘરમાં સર્વત્ર પૂ. મા હોય તેવું લાગે છે. કોઇ જાતના ભય કે દુઃખની છાયા દેખાતી નથી. શાંતિ–આનંદ પથરાયેલા લાગે છે. પોતાના પાઠ–પ્રણામ અને બીજા નિયમોનું પાલન પણ નિયમિત રીતે થતું રહે છે.

મા, એક વસ્તુ મે સતત જોઇ છે કે કોઇપણ કામ કરતાં તે આપનું સતત સ્મરણ કરે છે. અંતરનો એક તાર તમારી સાથે સતત જોડાયેલો હોય છે. તેથી મા તમે પણ તેમને સતત યાદ કરો છો. તમારી સાથે ઘણું રહીએ છીએ, છતાં અમારી પાસે આપનું સતત સ્મરણ નથી. સ્વભાવમાં ઘણી જ ઉદારતા. પૂ. મા એકની માલિકી નથી. પૂ. મા સૌનાં છે. મારા જેટલો જ પ્રેમ બધાને જ મળે તેવી ભાવના. પૂ. માના હૃદયમાં પ્રભુ સિવાય કોઇનું પણ સ્થાન ન જોઇએ. પૂ. મા તેમની ચિંતા કરે છે તે જ તેમની મોટી ચિંતા છે. મા, હું તો ભક્ત અને ભગવાનની વાતો સાંભળ્યા જ કરું. મને તો કાંઇ સમજાય નહીં. પરંતુ ભક્ત અને ભગવાનની

લીગા જોવાનું ગમે. બંને પોતપોતાની રીતે સાચાં જ છે. જ્યાં સાચો પ્રેમ છે અને ત્યાગ છે, ત્યાં બીજી બધી વસ્તુઓ ગૌણ બને. મા, તમારી આ લીલા જોવાનું મને સદ્ભાગ્ય સાંપડયું તે બદલ તમારો ખૂબ ખૂબ આભાર. મા, જે મેં અનુભવ્યું, જે સમજાયું તેને પૂર્ણરીતે શબ્દોમાં ઊતારી શકી નથી.

મા આમ વાવની મુલાકાત મારી યાત્રા બની. ઘણું શીખવાનું, ઘણું જાણવાનું અને ઘણું માણવાનું મળ્યું.

ભક્ત અને ભગવાન બંનેને
ખૂબ ખૂબ પ્રણામ
મંજુ

## ચૂંટેલાં પુષ્પો

સંસાર એ સાગર છે. તો કયા બંદરમાં પહોંચવું છે એ લંગર ઉપાડતા પહેલાં સુકાનીએ જાણી લેવું જોઇએ.

* * *

આપણું જીવનધ્યેય નક્કી છે. શુદ્ધ વ્યવહાર, પરોપકાર, મુક્તિ. પણ દુનિયાની લહરીઓ અને હૃદયની ગહન વાસનાઓ સુકાની-ને (આત્માને) ભરમાવવા ખેલ આદરશે. દિશા સહેજ બદલાશે, દૃષ્ટિ ઝાંખી થશે, રસ્તો ભૂલાઇ જશે. માટે રોજ તારાઓ સામે જોઇને અસલ દિશા સાચવવી જોઇએ. આત્માને ઢંઢોળતા રહેવું જોઇએ.



# ભક્ત બલરામદાસ

અરૂણા ઠાકર

બલરામદાસ પરમ પવિત્ર શ્રી જગન્નાથપુરીમાં નિવાસ કરતા હતા. તેઓ ભિક્ષાવૃત્તિથી પોતાનો નિર્વાહ ચલાવતા. ભિક્ષા-માં જે કાંઇ અન્ન પ્રાપ્ત થતું, તે શ્રી ભગવાનને સમર્પણ કરીને દેવના પ્રસાદરૂપે તેને ગ્રહણ કરીને તેઓ પોતાના પરિવાર સાથે પરમાનંદમાં રહેતા હતા. તેમને કોઇ લૌકિક ચિંતા કે દુ:ખ ન હતું. કેવળ શ્રી ચિંતામણિના ચરણની જ ચિંતા, તેમના જ વિચાર અને તેમનું જ ભજન–કીર્તન કરતા હતા. રાત્રિદિવસ શ્રી હરિના ગુણનું ભજનકીર્તન કરવામાં–શ્રવણમાં તેઓ મગ્ન રહેતા હતા. તે દયાળુ અને સમદૃષ્ટા હતા. તેમનું જીવનવ્રત કે જીવનમંત્ર કહો સર્વ કાંઇ પરબ્રહ્મસ્વરૂપ જગન્નાથજીની સેવા જ હતું. અત્યંત ભગવત્પરાયણ અને ગુણવાન હોવા છતાં દૈવયોગે તેમનામાં એક મહાન દોષ હતો. આ દોષ તેમને કલંકિત કરતો હતો. તેઓ કોઇ કોઇ સમયે વેશ્યાને ત્યાં જતા હતા! ત્યાં સમયભાન ભૂલી જતા.

આ પ્રમાણે કેટલાક દિવસ ચાલ્યા ગયા. અષાઢ માસ ને વળી શ્રી જગન્નાથજીની રથયાત્રાનો દિવસ પણ આવી ગયો. સર્વે તૈયારીઓ સાથે જગન્નાથનો, બલરામનો અને સુભદ્રાદેવીનો આમ ત્રણે રથો તૈયાર થયા છે. બલરામ 'તાલધ્વજ' રથમાં, સુભદ્રાદેવી 'વિજયા' રથમાં અને શ્રી પરબ્રહ્મસ્વરૂપ જગન્નાથજી 'નંદિઘોષ'નામના રથમાં બિરાજ્યા છે. ત્રણે જણ શ્રી ગુંતિચા (નગર) તરફ પ્રયાણ કરે છે. આનંદ, કોલાહલ, સંકીર્તન અને જયઘોષથી દશેદિશાઓ ગાજી ઉઠી છે.

આ મહોત્સવ પ્રસંગે પુરીનિવાસી પ્રાયઃસઘળા લોકો શ્રી પરબ્રહ્મનાં દર્શનનો અપૂર્વ લાભ લેવાને આવેલા છે. ફક્ત ગણ્યા-ગાંઠયા જ બાકી રહ્યા હશે. બલરામદાસ આમાંનો એક છે. આ વખતે તેઓ વેશ્યાના ઘરમાં મોજમઝા ઉડાવે છે. આજના મહોત્સવનું તેમને સાવજ વિસ્મરણ છે. એકાએક આ આનંદમય ઉચ્ચ ધ્વનિથી તે ચમકી ઉઠયા; બહાર આવી જુએ છે તો શ્રી પ્રભુ રથમાં બીરાજીને નગરયાત્રા કરવા નીકળેલા દીઠા. તે અતિશય પશ્ચાત્તાપ કરવા લાગ્યા, પોતાને વારંવાર ધિક્કારવા લાગ્યા. તેઓ મનમાં ને મનમાં બોલવા લાગ્યા કે, "હાય હાય! મારા જીવનને ધિક્કાર છે! મને પણ ધિક્કાર છે! હું અજ્ઞાનતાથી અંધ બનીને આ નીચ વેશ્યા સાથે શયન કરી રહ્યો છું અને પ્રભુ જગન્નાથજીનો રથ બહાર નીકળી પડયો છે! હાય! મારા જીવનને ધિક્કાર છે! ધિક્કાર છે!" આમ અતિ કરુણ હૃદયે અશ્રુધારા સહિત આત્મવિલાપ કરવા લાગ્યા.

વેશ્યાના પ્રેમનું બંધન હવે ભક્ત બલરામદાસને બાંધી કે રોકી શક્યું નહિ. જુએ છે તો તેમના પ્રેમમય પ્રાણપ્રિય પ્રભુ રથમાં બિરાજ્યા છે. આ જોતાં જ તે ધીરજ ગુમાવી છલંગ મારીને રથ ઉપર ચઢી ગયા. બંને હાથ જોડી પ્રભુને નિહાળતા કરુણાર્દ્ર બની સ્તુતિ કરવા લાગ્યા.

જગન્નાથજીના સેવકો તેમનો વેશ અને રથઉપર ચઢી બેઠેલા જોઇને ગુસ્સે થઇ તેમનો તિરસ્કાર કરીને કર્કશ સ્વરે કહેવા લાગ્યા, "અરે, હે મૂર્ખ! તારા ગાલ ઉપર પાનની પિચકારી વાગેલી હોય તેમ દેખાય છે. કંકુમથી તારું શરીર લાલચોળ થઇ રહ્યું છે, તારો દેહ અતિશય અપવિત્ર છે, તેં સ્નાન પણ કર્યું નથી, તારા આચારો પણ શુદ્ધ નથી, હરહંમેશ વેશ્યાને ઘરે તું પડી રહે



છે. અને તે જ અવસ્થામાં રથઉપર ચઢી બેઠો છે! તું દંભી અને અજ્ઞાની છે. ઈશ્વરથી પણ ડરતો નથી અને આવી મલિન અવસ્થામાં પણ તેમની પાસે બેસી જાય છે?"

સેવકો બલરામદાસ ઉપર અનેક આક્ષેપો, ગાળાગાળી, ધક્કામુક્કી કરતા તેમને રથઉપરથી ઉથલાવી પાડી કહે છે, "જા, જા તારા બાપ જોડે જા, અને તેને તારા આ પરાક્રમની વાત કહે." તિરસ્કૃત, અપમાનિત અને લાંછિત થયેલ બલરામદાસ મનોમન પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તેમનું હૃદય ભરાઇ આવ્યું. તે જમીન પર આળોટી પડયા. અને જગદીશ્વરને પ્રણામ કરી માથે હાથ દઇને ગદ્‌ગદ્ કંઠે બોલ્યા, "હે ચક્રપાણિ! તમને નમસ્કાર છે, હે મહાબાહુ! ભક્ત તમને જેવા સાજે સજે તેવો સાજ તમારે સજવો જોઇએ. હે પ્રભુ! તમે જ તમારા ભક્તની લજ્જાનું નિવારણ કરો. તમારો મહિમા અપાર છે. તમે પોતે મારું માથુ કાપી ન લેતા બીજા પાસે મને શા માટે દંડ કરાવ્યો? આથી શું તમારો યશ વધશે? મારા પરની તમારી અપાર કરુણા ક્યાં ગઇ? તારું હવે સઘળું પોકળ જણાઇ ગયું છે. ખુલ્લુ પડી ગયું છે."

આ પ્રમાણે બોલતા બોલતા અભિમાનના પ્રબળ આવેશમાં બલરામદાસ પ્રભુને બે ચાર કટુવચનો પણ કહેવા લાગ્યા : "તેં તારા સેવકો પાસે મને માર ખવડાવીને શું કર્યું? આજે તું 'નંદ-ઘોષ' રથમાં અમૂલ્ય આસન પર બેઠેલો છે, એટલે મારા જેવા અધમ ઉપર તારી નજર ક્યાંથી પડે? સામે પણ મારી શાનો જુએ? તને અહંકાર ચઢયો છે. આજે મેં તને સારી રીતે ઓળખી લીધો છે."

આટલું કહ્યા છતાં પણ બલરામદાસને શાંતિ વળી નહિ. તેઓ પ્રભુએ કરેલા દંડનું વેર લેવાનો વિચાર કરવા લાગ્યા અને

પ્રણયગર્વથી ગર્વિત થઇને બોલી ઉઠયા : ઠીક છે! યાદ રાખજે, હું પણ તને બરાબર શિક્ષા કરીશ. તું પણ જોઇ લેજે. તારો રથ કોણ હંકારી શકે છે! તારી રથયાત્રા પણ કેવી રીતે થાય છે?

દીનતા એ જ ભક્તનો સ્વાભાવિક ધર્મ છે. તેમ ભક્ત બલરામદાસનો પ્રણય ક્રોધ આવેશ શાંત પડે છે અને સ્વાભાવિક દીનતાએ તેમના હૃદય પર અધિકાર મેળવ્યો. અને પોતાના પ્રાણબંધુને ઉદ્દેશીને પ્રાર્થના કરવા લાગ્યા. "તું જ મારો એક આધાર છે, હું તો તારો દાસ છું. આ તારાં સરજેલાં કોટિ બ્રહ્માંડ છે, તેમાં તે બ્રહ્માંડના સેવકનો પ્રભુ એક છે કે બે ચાર છે? જો સેવકનો–ભક્તનો–પ્રભુ એક જ હોય અને બીજો ન હોય તો પછી સેવકની ક્ષતિ–શુદ્ધિની સંભાળ તે પ્રભુ ન રાખે તો બીજો કોણ રાખે? અને તેમ કરતાં જો સેવકનું કોઇ અપમાન કરે, દુઃખ દે તો તેમાં લજ્જા કોને? તું જ મારો જીવિતેશ્વર છે, બીજો નથી."

એમ કહીને બલરામદાસે ત્યાંથી ચાલવા માંડયું. પ્રભુથી રિસાઇને પ્રભુના ચાલતા રથ પર છેલ્લામાં છેલ્લી દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી પાછળ જોતા જોતા ટેકરી પર સિંધુતીરે આવી પહોંચ્યા. ત્યાં આગળ ચક્રતીર્થ આવેલું છે. બંકિમુહાના તેની પાસે જ છે. ચારે તરફ રેતીનું મોટું મેદાન છે. બલરામદાસ અહીં ભારે હૈયે વારંવાર દીર્ઘ નિઃશ્વાસ મૂકીને આંસુડા સારે છે. પ્રાણપ્રિય સાથે કેવી રીતે વેર લેવું તેની ગોઠવણ કરવા લાગ્યા.

તેમણે ભીની રેતીના ત્રણ રથ તૈયાર કર્યાં. આંખો મીંચીને જગન્નાથનું તે ધ્યાન ધરવા લાગ્યા, ધ્યાનમાં શ્રી પ્રભુનો સાક્ષાત્કાર કરીને ગદ્ગદ્ કંઠે પ્રભુને વિનવવા લાગ્યા. નયનમાંથી અવિરત અશ્રુધારા વહેવા લાગી. એ ધારા અમૃતનદીની પેઠે



તેમના શરીરને સ્નાન કરાવી પવિત્ર કરવા લાગી. પ્રભુ તે જ વખતે પોતાના પ્રાણપ્રિય સખા–ભક્ત બલરામદાસની પાસે આવી પહોંચ્યા અને તેમના રેતીના રથમાં બિરાજ્યા.

બલરામદાસે ધ્યાનમાં તે જોયું. તેમનું નિર્મળ અંતઃકરણ હર્ષથી ભરાઇ ગયું. પછી ખુલ્લી આંખે તે જ પ્રભુનું પોતાના રથમાં દર્શન કરીને હર્ષ અને અભિમાનની તેમની કોઇ પરિસીમા રહી નહીં. હૃદય આનંદથી ભરપૂર છે, પણ બહારથી દુઃખી જણાય છે. ભગવાન તે જાણી ગયા અને હસતા હસતા બલરામદાસને કહેવા લાગ્યા : "બલરામ! બલરામ! તું મારી સાથે રિસાતો ના! જો હું તારું દુઃખ જાણતાં જ ત્યાંની રથયાત્રાની સ્પૃહા ન કરતાં અહીં ચાલ્યો આવ્યો છું. હવે હું તારી પાસે જ છું. તું જેમ કહેશે તેમ કરીશ."

ભક્તનું અભિમાન ઓસરી ગયું. ભગવાનનાં ચરણકમળમાં તે આળોટી પડયા. ઉભા થઇ બન્ને હાથ જોડી અતિનમ્રભાવે શ્રી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. "હે ચક્રધારી! તમને નમસ્કાર છે. સર્વે દેવો, યક્ષો, કિન્નરો વગેરે આપની કૃપાપ્રસાદીની અપેક્ષા રાખે છે તમે સર્વનિયંતા છો. સિદ્ધ, યોગી, મહાત્મા પણ તમારા જ ચરણકમળનું ચિંતન કરે છે. હે પ્રભુ! હું તો આપનો દાસ છું, આપના દાસનો પણ દાસ છું. આપના ચરણની રજ છું. મારો અપરાધ ક્ષમા કરો. હે કૃપાળુ! તમે ભક્ત માટે જ લાખો માણસની સેવા સુકોમળ આસન, ગીત, વાદ્ય, નૃત્ય વગેરે છોડી આ રેતીના રથમાં બિરાજી સેવકને કૃતાર્થ કરી રહ્યા છો. તમારો મહિમા અપાર છે. તમે ભક્તવત્સલ છો. મેં આપનો અપરાધ કર્યો છે. કટુવચનો કહ્યાં છે. સ્વચ્છંદપણે વર્ત્યો છું. મને ક્ષમા કરો. મારી સર્વપ્રકારે રક્ષા કરો. આ સ્થાને હું તમારી માટે ભોગ–

ઉપભોગ ક્યાંથી લાવું? હે દીનદયાળ! મેં બહુ જ મોટી ભૂલ કરી છે. આપના આ અદ્વિતીય મહોત્સવમાં વિક્ષેપ નાંખીને મારા ભગવાનને કષ્ટમાં ઉતાર્યા છે. હે પ્રભુ! હવે મારી શી ગતિ થશે?"

ભક્તનું આત્મનિવેદન સાંભળી ભગવાન પરમ સંતોષ પામ્યા. તેને પાસે બેસાડી પોતાના શ્રીમુખે બોલવા લાગ્યા, "બલરામ! પ્રાણપ્રિય બલરામ! મારો સઘળો આધાર મારા ભક્તો ઉપર છે. મારા ભક્તો પ્રાણપ્રિય બલરામ! મારો સઘળો આધાર મારા ભક્તો ઉપર છે. મારા ભક્તો મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. ભક્તો પોતાના નિશ્ચલ નિર્મળ ભાવથી મને વશ કરી લે છે. જે હૃદયમાં મારા મહિમાનું ચિંતન થયા કરે છે એવા મહાત્મા પુરુષોના હૃદયમાં હું બિરાજું છું. બલરામ! હું સત્ય કહું છું મનમાં લેશ-માત્ર સંશય લાવીશ નહિ."

પ્રભુનાં અપૂર્વ વચનો શ્રવણ કરીને બલરામદાસના આનંદનો પાર રહ્યો નહિ. પરંતુ પોતાના પ્રભુને રેતીના રથમાં બેઠેલા જોઇને તેને બહુ દુઃખ થયું. તેઓએ પોતાના હૃદયરૂપી આસન પર પ્રભુને પધરાવ્યા અને પ્રગાઢ ભાવ–પ્રેમ સાથે માનસ રથયાત્રાનાં આનંદમાં મસ્ત બન્યા. તેમને આ અવસ્થામાં રાત્રિ–દિવસ કે ભૂખતરસનું ભાન નથી. કેવળ એક મન, એક પ્રાણ, એક ભાવથી જગન્નાથજીનું ભજન કરવા લાગ્યા. આ વિશુદ્ધ ભાવે શ્રી હરિ પણ પ્રસન્ન થઇ ગયા.

આણી તરફ નીલાચલ નગરમાં મહાન ઉત્પાત થઇ રહ્યો છે. અસંખ્ય માણસો 'નંદિઘોષ' આદિ રથના દોરડાં પકડીને ખેંચે છે, પરંતુ રથ એક વેંત પણ ખસતો નથી. રથ અટકી પડયો. સઘળા સ્તબ્ધ થઇ ગયા અનેક પ્રયત્નો કર્યા પણ પરિણામ શૂન્ય.



બધા મળી મહારાજા પાસે ગયા. સર્વ વૃત્તાંત કહ્યું. મહારાજા પણ વાત સાંભળી ચકિત થઇ ગયા. આખા નગરમાં દરેકને રથ-ના દોરડા ખેંચવાની આજ્ઞા કરી. પણ રથ ખસ્યો નહિ. અનેક શંકા–કુશંકા, તર્ક–વિતર્ક થવા લાગ્યા. રાજાને એક ઉપાય સૂઝી આવ્યો. રાજ્યમાં જેટલા હાથી હતા તે બધાને રથની સાથે હારબંધ જોડી દીધા. મહાવતો તેમને હાંકવા લાગ્યા પણ સઘળું ફોકટ. રથ બિલકુલ ખસ્યો નહિ, નિરાશ થઇને શ્રમિત થયેલા સર્વે જેને જ્યાં જગ્યા મળી ત્યાં બેસી ગયા.

શ્રી જગન્નાથજીનો કોપ થયો છે–કોપ થયો છે એમ સઘળા લોકો કહેવા લાગ્યા. રાજા શ્રી હરિનું સ્મરણ, આજીજી, કાલાવાલા કરતા કરતા એક દર્ભના આસન ઉપર જઇને સૂતા. ભગવાનને તેના દુઃખની ખબર પડી. સ્વપ્નમાં પોતાના ભક્તની વાત કરતાં ભગવાને કહ્યું, "જે અહર્નિશ મારું જ રટણ કરવામાં નિમગ્ન રહે છે, તે કદી પણ અશુદ્ધ થતો નથી. તેનો દેહ પ્રાણ, આત્મા એ સઘળું પવિત્ર છે. પરમપવિત્ર છે. ભક્તનો દેહ અપ્રાકૃત છે. અને તે હંમેશા પવિત્ર છે. હે રાજન્! ભક્તનું ચરિત્ર બહુ જ વિચિત્ર છે. બલરામદાસ મારો ભક્ત છે. તે પરમહર્ષથી મારી પાસે આવ્યો હતો પરંતુ સેવકોએ તેને મારીને કાઢી મૂક્યો છે અને તે રીસાઇને ચક્રતીર્થ ઉપર ચાલ્યો ગયો છે. તે દુઃખિત થઇને બાંકીમુહાનામાં જઇને બેઠો અને મનમાં કેવળ મારું જ ધ્યાન કરવા લાગ્યો. હું તે જ વખતે તેને જઇને મળ્યો. એણે મને પરમ સુખ આપી અપૂર્વ રથયાત્રા કરાવી છે. હું તેની પાસે જ બીરાજુ છું તો અહીંનો રથ કેવી રીતે ચાલે? બલરામે મને એવો તો બાંધી લીધો છે કે, તેને મૂકીને મારાથી અવાશે નહિ. હે રાજન્! ભક્તનું બંધન સખત હોય છે. ભક્ત તો મારું શરીર છે. મારું અંગ છે. હું

તેમનો પ્રાણેશ્વર છું. ભક્ત કદી પણ મારાથી ભિન્ન થઇ શકતો નથી. ભક્ત અને ભગવાન એક સ્વરૂપ છે. હે રાજન્! મેં ધારણ કરેલા આયુધો પણ ભક્ત રક્ષા કાજ જ છે. હું ભક્તને સુખે સુખી અને ભક્તને દુઃખે દુઃખી રહું છું."

"જો તારે રથયાત્રા કરવી હોય અને નંદિઘોષ રથને આખા ગામમાં ફેરવવો હોય તો હું કહું તેમ કર. જેમણે મારા ભક્તનું અપમાન કર્યું છે, જેમણે મારા ભક્તને નિરર્થક માર માર્યો છે, તે સઘળા સેવકોને એકઠા કર અને તે દરેકના હાથ બાંધ, વળી એ ઉપરાંત તેમના ગળામાં કોડિયાં બાંધીને અને દાંતમાં તણખલાં ઘાલીને ધક્કા મારતાં મારતાં મારા ભક્ત બલરામદાસની પાસે લઇ જા. અને તે બધા પાસે તેની માફી મંગાવ. તું પણ જઇને બલરામદાસને અજમાવી અને તેનું મન મનાવીને અહીં તેડી લાવ તે આવીને રથ ચલાવશે ત્યારે જ હું પણ રથમાં બિરાજીશ. જ્યારે બલરામદાસ રથ ચલાવશે ત્યારે જ હું પણ રથમાં બિરાજીશ. જ્યાં સુધી બલરામદાસ રથ ચલાવવાની રજા આપશે નહિ, ત્યાં સુધી રથ ચાલવાનો નથી. હે રાજન્! ભક્તના વિશુદ્ધ ભાવમાં જ મારું સર્વસ્વ સમાયેલું છે હું ભક્તને આધીન છું." એમ કહી ભગવાન અંતર્ધાન થઇ ગયા.

મહારાજા પણ ઉંઘમાંથી જાગૃત થઇ ગયા. ઉઠીને તરત જ સેવકોને બોલાવી મંગાવ્યા. તેમને શ્રી જગન્નાથજીની આજ્ઞા કહી સંભળાવી. સઘળાને પશ્ચાત્તાપ થયો. ત્યાર પછી પ્રભુએ બતાવેલી અપરાધની શિક્ષા સહિત સેવકોને બલરામદાસની પાસે લાવવામાં આવ્યા. સહુ ભક્તનાં ચરણમાં આળોટી પડયા. માફી માંગી તેમને નીલાચલ આવવા વિશે વિનંતી કરવા લાગ્યા. રાજાએ પણ



બલરામદાસને એક સુસજ્જિત અશ્વઉપર બેસાડી અને વાજતે ગાજતે નંદિઘોષ રથ પાસે લઇ આવ્યા. તેમનું સ્વાગત કરી વિનંતીપૂર્વક કહ્યું, "હે ભક્તવર! હવે દયા કરીને રથયાત્રા કરાવો."

બલરામદાસ પ્રભુ તરફ એકાગ્રચિત્તે પ્રેમપૂર્વક જોઇને તેમની સ્તુતિ કરવા લાગ્યા. "હે મહાબાહો! તમને નમસ્કાર છે. આપની કરુણા અશેષ છે. અગાધ છે. હવે દયા કરી આપની વિશ્વંભર મૂર્તિને સંવરણ કરીને રથમાં બિરાજો અને રથયાત્રામાં દર્શન કરાવી લોકને પાવન કરો અને રથને ચલાવવાની આજ્ઞા કરો."

ભક્ત બલરામદાસ સ્વયં મહારાજાને હાથે આટલું બધું સન્માન મળ્યાં છતાં ગર્વિત થયા નહીં. સઘળું શ્રી હરિની કૃપાપ્રસાદી તરીકે ગ્રહણ કર્યું. બલ્કે વધારે નમ્ર અને નિર્મળ જણાવા લાગ્યા. ભક્ત બલરામ હવે શ્રી પ્રભુની પ્રેરણા સમજી ગયા અને એક દીનહીન મનુષ્યની પેઠે સઘળાંને સંબોધીને કહેવા લાગ્યા, "ચાલો! ચાલો! હવે વિલંબ નથી. તમે સઘળા હાથમાં દોરડાં પકડીને તૈયાર થઇ જાઓ. શ્રી ભક્તવત્સલ ભગવાન રથમાં બિરાજે છે.

સકળ સેવકોએ ઘંટાનાદથી અને કાંસીજોડાથી સકળ દિશાઓ ગજાવી મૂકી. ચારે તરફ આનંદોલ્લાસ પ્રસરી ગયો.

શ્રી ભગવાન મહારાજા ઉપર પ્રસન્ન થયા અને ભક્તની મહત્તાની રક્ષા કરવાને રથમાં બિરાજ્યા. ઘનઘોર ગર્જના સાથે તાલધ્વજ રથ ચાલવા માંડયો. સાથે સાથે વિજ્યા અને નંદિઘોષ રથો પણ ચાલ્યા. ત્રણે રથો ગુંનિચા નગરમાં આવી પહોંચ્યા.

ભક્ત અને ભગવાનના જયનાદથી ચારે દિશાઓ ગાજી ઉઠી.

કેટલાક ભક્તની જય, તો કેટલાક ભગવાનની ભક્તવત્સલતાની પ્રશંસા કરવા લાગ્યા. પછી સઘળાં એકકે અવાજે બોલી ઉઠયાં, "આ બ્રહ્માંડમાં હરિભક્ત જ સર્વોત્તમ છે. જે માણસ તેમની, સાધુમહાત્માઓ અને ભગવદ્ભક્તોની સેવા ચાકરી કરે છે, તે પણ શ્રી હરિનાં દર્શનનો અધિકારી થાય છે. તે જ સુખી અને ઈશ્વરનો માનીતો થાય છે. અને જે માણસ તેમની નિંદા કે તિરસ્કાર કરે છે તે નરકનો અધિકારી થાય છે. તથા શ્રી હરિ સાથે વેર બાંધીને સદાસર્વદા દુઃખમાં સડયા કરે છે."

સકળ લોક શ્રી પરબ્રહ્મ જગન્નાથજીની રથયાત્રાના દર્શન કરી ભક્ત બલરામના અલૌકિક ભક્તિભાવનું ચિંતન કરતા કરતા પોતપોતાને ઘેર ગયા.

અહો ભગવન્! આપ ધન્ય છો. ધન્ય છે તમારી ભક્ત-વત્સલતાને! તેથી જ આપે વેશ્યાસંગી બલરામઉપર આટલી બધી કરુણા કરી, અપૂર્વ પ્રેમ બતાવ્યો. તો જે પુરુષ સદાસર્વદા સદાચારની રક્ષા કરીને વિશુદ્ધ ચરિત્ર જાળવી રાખીને અહર્નિશ આપનું ભજન કરે, ધ્યાન ધરે, તેના ઉપર આપ કેટલી કરુણા કરો? કેટલી પ્રીતિ, પ્રેમ રાખો!

એક સંસ્કૃત કવિએ આપના માહાત્મ્યનું વર્ણન કરતાં યથાર્થ જ કહ્યું છે કે,–

मृत्यस्य पश्यति गुरूनपि नापराधान्।
सेवां कृतामपि मनाग् बहुधाऽभ्युपैति ॥
आविष्करोति पिशुनेष्यपि नाभ्यसूयाम्।
शीलेन निर्मलमतिः कमलेक्षणोऽयम् ॥



### પ્રભુના સાકાર સ્વરૂપનાં

# પ્રત્યક્ષ દર્શનો–૧

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

એક સમયે દિલીપકુમાર રોયે મા યશોદાને કહ્યું, "મા, 'કૃષ્ણપ્રેમની પાસેથી મેં જાણ્યું છે, કે તમે ઘણાં દેવદેવીઓનાં દર્શન કર્યાં છે. ગણેશજીનાં પણ કર્યાં છે. તો ગણેશજી વિષે મને કંઈ કહેશો?'

મા હસ્યાં. 'ખરેખર તારે એમને વિષે શું જાણવું છે? ગણેશજી સાચેસાચ એક દેવ છે, અને તારા મિત્રો કહે છે તેમ એ કૃષ્ણના જેવો કલ્પનાનો ફીણ પરપોટો નથી એ જાણવું છે ને?'

મેં હસીને કહ્યું, 'કૃષ્ણ વિષે મને કદી શંકા થઈ નથી, મા!' કારણ જરી સમજાય નહિ એવું છે, પણ શી ખબર કેવીય રીતે, શરૂઆતથી જ, મેં કૃષ્ણને નિઃશંકપણે સત્ય માન્યા છે, અને મારી એ શ્રદ્ધામાંથી હું કદી ચળ્યો નથી.'

મારી સામે જોઈ માએ એમનું વિરલ હાસ્ય કર્યું. પછી આશીર્વાદની મુદ્રામાં મારા મસ્તકને સ્પર્શ કરી તેમણે માથું હલાવ્યું, કહે, 'હું જાણું છું અને આજે રાતે ભજન ગાઈને તેં એ સિદ્ધ કર્યું છે. પરંતુ મેં જેવાં ગણેશનાં દર્શન કર્યાં છે એવાં જો તેં કર્યાં હોત તો ગણેશ વિષે તારા મનમાં કોઈ શંકા રહેત નહિ. ગણેશનાં મને કેવી રીતે દર્શન થયાં તે કહું!'

તેમણે આગળ ચલાવ્યું. 'ખૂબ મજાનો અનુભવ છે એ! મધરાતે એ બનેલું. હું ઊંઘતી હતી, અચાનક મને કશીક ગલીપચી

થઇ. હું ચમકીને જાગી ગઇ. જોઉં છું, તો વાહ! નાનકડા બાળ ગણેશજી! રમાડવાનું મન થઇ જાય એવા! એમની નાનકડી મજાની સૂંઢ વડે મારી ડોક પર ગલીપચી કરતા હતા! એની અદ્‌ભુત શોભા વર્ણવવાના મારી પાસે શબ્દો નથી, બાબા! સૌંદર્યનો સાગર! ડગલે ને પગલે સોનેરી આભા છલકાઇ પડતી હતી. હું તને ખાતરીથી કહું છું દિલીપ, કે એક વાર પણ જો તને એની મોહિનીની ઝાંખી થાય તો તારી બધીયે શંકાકુશંકાઓ પાંખો કરીને ઊડી જાય!'

શ્રી રોયે યશોદામાને પૂછ્યું. 'મા! કૃષ્ણ સ્વયં મારું ભજન સાંભળવા નીચે ઊતરી આવ્યા એ કેવી રીતે બન્યું? આવા ચમત્કારો વિષે મેં વાંચ્યું છે ખરું, પણ વાત એટલી બધી અદ્‌ભુત છે કે એકદમ માન્યામાં આવતી નથી. ખરેખર, શું ભગવાન આજે પણ, આવા ઘોર કળિકાળમાં મનુષ્યરૂપે પ્રગટ થાય છે?' 'કેમ ન થાય?' માએ હસીને કહ્યું. ભગવાન લીલામય છે, અને એને નર-લીલા ગમે છે! ભક્ત થઇને તને આમાં શંકા કેમ થાય છે? ભક્તે તો ભગવાનની તમામ લીલાઓમાં માનવું જોઇએ. ગીતામાં ભગ-વાને નથી કહ્યું કે તેઓ આપણા એકમાત્ર આશ્રય તરીકે, મિત્ર તરીકે યુગેયુગે આપણી સાથે સંતાકૂકડી રમવા અવતાર લે છે.

શ્રી રોયે કહ્યું, મા! નરલીલા વિષે સાંભળવા મળે છે ઘણું, પણ નજરે તો કશું જોવા મળતું નથી. એટલે આજ રાતના અનુભવથી હું ખૂબ રોમાંચ અનુભવું છું. તમે મને ઘણીવાર મા, ભગવાનની આગળ ગાવાનું કહ્યું છે, પણ આજ પહેલી જ વાર હું સાંભળું છું કે ભગવાન મારું ભજન સાંભળવા સાચેસાચ પૃથ્વી પર ઊતરી આવે છે.



'મા, ઘણા ભક્તોએ આ વાતની સાક્ષી પૂર્યાનું મેં સાંભળ્યું છે. દાખલા તરીકે, સ્વામી શારદાનંદના સ્વમુખે મેં સાંભળ્યું છે કે રામલાલાની અષ્ટધાતુની મૂર્તિ સજીવ બની બાળ રામસ્વરૂપે શ્રી રામકૃષ્ણની જોડે રમતી. વળી મેં એવું વાંચ્યું છે કે રામકૃષ્ણની એક ભક્ત બાઇ હતી, તેની આગળ બાળગોપાલ લાડુ માગતા આવતા, અને બાઇ તેને નવડાવતી, ખવડાવતી અને કંઇ કંઇ વાનાં કરતી. આથી એ બાઇને સૌ 'ગોપાલની મા' (ગોપાલેર મા) કહેતા. એક વાર તો એવું બન્યું કે બાળગોપાળે આવીને ફરિયાદ કરી કે મારી પથારીમાં ઓશીકું નથી, ત્યારે બાઇએ પોતાના હાથનું ઓશીકું કરી બાળગોપાળને સુવાડયા હતા.

આવી તો કંઇ કંઇ વાતો મેં સાંભળી છે, મા! પરંતુ આવું બધું શું ખરેખર બનતું હશે, આપણી આ વીસમી સદીમાં?

બાળકૃષ્ણે ઊંઘમાંથી જગાડીને ફરિયાદ કરી!

પછી યશોદામાએ મારી સામે જોઇ કહ્યું, 'તારી મુશ્કેલી હું સમજું છું, દિલીપ! પણ આવા બનાવો બને છે એવું હું માનું છું, એટલું જ નહિ, હું જાણું છું કે આવા બનાવો ખરેખર બન્યા છે.—હા, વિજ્ઞાન અને નાસ્તિકવાદના આ ઘોર કળિકાળમાં પણ!'

'જો, બાબા!' માએ કહ્યું, 'પેલી અભરાઇ પર બાળગોપાળની મૂર્તિ છે એ જોઇ? એક વાર રાતે મને ભરઊંઘમાંથી જગાડી એના નાનકડા હોઠ બગાડી એ કહે, 'તું તો લહેરથી ઊંઘે છે, તને તો આરામ છે, પણ મારી દશા તો જો! આ કીડીઓ એવી વિતાડે છે કે મારાથી ઊંઘાતું નથી!' ગભરાઇને હું ઊભી થઇ ગઇ. જઇને જોયું તો એ જ અભરાઇ પર મારાથી ભૂલમાં એક મધની બાટલી મુકાઇ ગઇ હતી, તેથી કીડીઓ ઉભરાઇ હતી, અને મારા

બાળગોપાળની ઉપર ચડી હતી. એ જોઇ મને રડવું આવી ગયું. મેં બાટલી ત્યાંથી ખસેડી લીધી અને ભૂલ માટે બાળગોપાળની ક્ષમા માગી. પછી મેં એનાં અંગ પરથી કીડીઓ સાફ કરી, અને એને મારી પથારીમાં સુવાડયો. હવે એના મોં પર સુખ દેખાયું, એ ઊંઘી ગયો !'

હું આભો બની સાંભળી રહ્યો. માએ મારા મસ્તકને ફરી સ્પર્શ કરી કહ્યું, 'પણ જો તને આ માન્યામાં ન આવતું હોય તો ન માનતો! પણ તારા ગુરુની વાત માનજે, એટલું મારે તને કહેવું છે.'

### પવહારી બાવાનો ચમત્કારી ભંડારો

યશોદામાની વાત સાંભળી શ્રી દિલીપકુમાર રોય ભારે મૂંઝવણભરી સ્થિતિમાં મુકાઇ ગયા હતા. તેથી તેમણે વિષય બદલી નાંખ્યો અને કહ્યું, 'મા, તમે મહાત્મા પવહારી બાવાનાં પણ દર્શન કરેલાં, નહિ?' માએ હાથ જોડી પવહારી બાવાને ઉદ્દેશીને પ્રણામ કર્યા, કહે, 'ઓહ, એ તો મહાન યોગીરાજ હતા! એમને કેમ ભુલાય? મેં તો કોઇ મનુષ્યના મુખ પર આવું તેજ કદી જોયું નથી!'

શ્રી રોયે વાત આગળ કરી, 'પણ મા, પવહારી બાવાને તમે ઘણી વાર મળેલાં?'

માએ જવાબમાં કહ્યું, 'ના, બાબા! કેવી રીતે મળું? તેઓ તો એક ગુફામાં રહેતા હતા, અને ગુફામાંથી કોક જ વાર બહાર આવતા! પણ એમના એક ચમત્કારની વાત કહું. તારે સાંભળવી હોય તો!' થોડી વાર વિચારવશ રહ્યાં ને પછી એમણે બોલવા માંડયું. 'મને તે વખતે પંદરમું વરસ બેઠું હશે; એવામાં એક



સવારે મને ખબર પડી કે પવહારી બાવા ભંડારો કરે છે. અનાજ ઉપરાંત કપડાં, ધાબળા અને એવી ચીજો પણ સાધુઓને આપે છે.'

પછી તેઓ મૂળ વાત પર આવ્યાં. 'આ પ્રસંગે દરેક સાધુને એક ભાંડ અને એક ધોતી અપાતી હતી. મારું મન આ સાંભળી, ભારે કુતૂહલમાં પડી ગયું હતું, કારણકે મેં એવું સાંભળ્યું હતું કે એમની ગુફા ખૂબ જ નાની છે! આવડી નાની ગુફામાં સેંકડો સાધુઓને આપવાનાં સેંકડો ભાંડ અને સેંકડો ધોતીજોટા મૂકવાની જગા જ ક્યાં છે?

'મેં મનમાં નિશ્ચય કર્યો કે આનો ભેદ જાણવો. એટલે છાની-માની હું ઘરમાંથી નીકળી ગઇ. છોકરાનાં કપડાં પહેરી હું કતારમાં ઊભેલા સાધુઓના ટોળામાં ઘૂસી ગઇ. ટોળું ધીરે ધીરે પા પા પગલીયે ગુફા તરફ આગળ વધતું હતું. એવી રીતે હું છેક ગુફા આગળ આવી પહોંચી, અને જ્યાં પવહારી બાવાએ મને મારાં ભાંડ અને ધોતલી આપ્યાં કે હું સીધી જ ગુફામાં ઘૂસી ગઇ! આ જોઇને બહાર ભારે ધાંધલ મચી ગયું, કારણ કે આવું કદી કરાય નહિ! કોઇ એવું કરે નહિ! પણ હું તો નિશાળે જતી છોકરી હતી, અને અદમ્ય આવેશમાં, વગર વિચાર્યે મેં આ બધું કર્યું હતું. પછી મેં ત્યાં શું જોયું હશે તેની કલ્પના કરી લેજો!'

'ના મા! તમે જ કહો!' અતિ કુતૂહલવશ થઇ મેં (શ્રી દિલીપ રોયે) કહ્યું.

મા એકદમ મોટેથી હસી પડયાં. જાણે ઘંટડીઓ વાગી! તેમણે કહ્યું, 'તમે માનો કે ન માનો, બાબા! પણ એ વખતે મેં ત્યાં જે જોયું તે સાવ માન્યામાં ન આવે એવું છે. ગુફા ખૂબ જ સાંકડી હતી, એને બીજું બારણું નહોતું! અને ગુફામાં ક્યાંય ભાંડ કે ધોતી કશું નહોતું! કોઇ ચીજ નહિ! ગુફા સાવ ખાલી હતી!'

યશોદામાની વાત સાંભળી શ્રી દિલીપકુમાર રોય તો આભા જ બની ગયા. તેમણે કહ્યું, 'અને તમારી સગી આંખે તમે આ બધું જોયું, મા?'

માતીરાણી વચમાં જ બોલી પડી. 'બાએ પણ પોતાની સગી આંખે આવા કેટલાયે ચમત્કારો જોયા છે અને કમનસીબે, મેં પણ જોયા છે.'

### હનુમાનજીએ પ્રગટ થઇ છોકરીને સાજી કરી

વ્રજબાલા કરીને અમારા (શ્રીદિલીપકુમાર રોયનાં) એક મિત્રની ચાર વરસની નાની દીકરી હતી. એના પર મોટરકાર ફરી વળી હતી, અને દાક્તરોએ એના બચવાની આશા સાવ છોડી દીધી હતી. છતાં અમે તેના માટે પ્રાર્થના કરી. પરિણામે હનુ-માનજી ઇંદિરા સમક્ષ (દિલીપકુમાર રોયનાં શિષ્યા હાલ પુનામાં હયાત છે.) એમના તેજસ્વી મનોહર સ્વરૂપમાં પ્રગટ થયા અને તેમની કૃપા–દૃષ્ટિથી છોકરી સાજી થઇ ગઇ!

### 'મને આ મળ્યું, મા, મારો કૃષ્ણ!'

એક વાર શ્રી કૃષ્ણપ્રેમ પોંડિચેરીથી મદ્રાસ ગયા ત્યાં તેઓ શ્રી દિલીપકુમાર રોયના એક ગાઢ સ્નેહી શ્રી જશોદા ઘોષને ત્યાં રહ્યા હતા. શ્રી ઘોષે પોતે નજરે જોયેલા એક પ્રસંગનું વર્ણન કરતાં શ્રી રોયને કહેલ.

અમે શ્રી કૃષ્ણપ્રેમને સ્ટેશને વિદાય આપવા ગયા ત્યારે જોયું કે તેમની સામેની બર્થ પર એક અંગ્રેજ બાઇ (ઘણું કરીને ઍંગ્લો–ઇંડીયન હશે) બેઠેલી હતી. શ્રીકૃષ્ણપ્રેમ પોતાની સાથે કૃષ્ણની નાનકડી મૂર્તિ રાખતા. તેની તેઓ રોજ પૂજા કરતા. અમે અંગ્રેજીમાં વાતો કરતા હતા, એટલે શ્રીકૃષ્ણપ્રેમના ઉચ્ચારો પરથી



અને ચામડીના વાન પરથી તેણે અનુમાન કર્યું હશે કે આ માણસ અંગ્રેજ છે, અને હિંદુ બની ગયો છે. વીસમી સદીમાં જાણે સોળમી સદીનો માણસ ભગવાં લુગડાં, લલાટમાં તિલક અને ગળામાં તુલસીની કંઠી અને એવું બધું! બાઇથી આ સહન થયું નહિ.

તેણે ધડાકો કર્યો. 'શરમ નથી આવતી તમને આ દેશી લોકો ભેગા ભળતાં? ખ્રિસ્તિધર્મનો ત્યાગ કરી, તમારા જાતભાઇઓને હલકા પાડી વહેમના આવા બિલ્લા ધારણ કરતાં?'

આમ આપવડાઇમાં ગાંડી બની એ ફાવે તેમ બોલવા લાગી. અમારાથી આ સહન થયું નહિ. પણ કૃષ્ણપ્રેમ જોઇ રહ્યા. એમના હોઠ ઉપર ગમ્મતનું સ્મિત ફરકતું રહ્યું. એ જોઇને એ બાઇના ક્રોધાગ્નિમાં જાણે ઘી હોમાયું. એ રાડ પાડી ઊઠી. 'તારો ધર્મ, તારો દેશ, તારો વેશ બધું ફેંકી દઇ તેં મેળવ્યું શું એ તો જરી કહે મને! હેં, શું મેળવ્યું તેં?' શાંતિથી કૃષ્ણપ્રેમે પોતાની કૃષ્ણની મૂર્તિ કાઢી દેખાડી કહ્યું, 'આ મને મળ્યું, મા, મારો કૃષ્ણ!'

એમના મુખ પર તેજસ્વી સ્મિત રેલાઇ રહ્યું હતું.

('ઉત્તર વૃંદાવનના મહાયોગી શ્રીકૃષ્ણપ્રેમ'માંથી)

### * ક્ષમા કરે *

અધ્યાત્મના તંત્રી બે માસથી હરદ્વાર હતા. એટલે મે, '૯૪ નો અંક પ્રસિદ્ધ કરવામાં એક અઠવાડિયાનો વિલંબ થયો છે તો વાંચકો ક્ષમા કરે.

# ભગવાન ગણપતિનું પ્રત્યક્ષ દર્શન

નારાયણ હ. જાની

હરદ્વારના નિવાસ દરમ્યાન પ. પૂ. માનાં જે વિવિધ સ્વરૂપોનાં દર્શન થયા કરે છે, તેમાં તેઓનું ભાવસ્વરૂપ ખૂબ જ પ્રબળપણે જુદુ તરી આવે છે.

તમને થશે વળી આ ભાવસ્વરૂપ શું? આવું તો ક્યાંય સાંભળવામાં આવ્યું નથી.

તમારી વાત તદ્દન સાચી છે. માનવનું ભાવસ્વરૂપ ત્યારે પ્રકટી ઉઠે છે, જ્યારે તેની સમર્પણ ભાવના પૂર્ણતાએ પહોંચે છે. ઉપાસક અને ઉપાસ્ય જ્યારે એક બની જાય છે. ત્યારે ઉપાસક ઉપાસ્યથી અલગ નથી રહી શકતો. પરિણામે ઉપાસક કે આરાધકનો સમગ્ર વ્યવહાર ભાવપૂર્ણ બની જાય છે. અન્યને સ્થૂલ સ્વરૂપ જણાતાં ઉપાસ્યનાં સ્વરૂપો તેને માટે સજીવતા ધારણ કરે છે. એનો વ્યવહાર જ એવો પ્રેમમય અને ભાવપૂર્ણ હોય છે કે દેખીતી રીતે નિર્જીવ લાગતાં એ સ્વરૂપો પણ સજીવ બની એ પ્રેમપૂર્ણ–ભાવ-પ્રચૂર વ્યવહારોનો રસાસ્વાદ લેવા બાધિત બની જાય છે. આ એક અદ્‌ભુત અવસ્થા છે અને લાખ્ખો સાધકોમાંથી કોક વિરલને જ એ અવસ્થા પ્રભુકૃપાથી પ્રાપ્ત થાય છે.

પૂ. માનું આ પાસુ તેઓના સમગ્ર વ્યવહારમાં એવું તો ઓતઃપ્રોત થઇ ગયું છે કે તેઓ જ્યારે પણ કોઇ પણ ક્રિયા કરતાં હોય, ત્યારે તેમાં ભાવ જ પ્રધાનપણે દેખાઇ આવે છે. પછી ભલેને તે ક્રિયા વાતચીતની જ હોય–પૂ. મા ક. કે ના. સાથે વાત



કરતાં હોય, પેલી નાની અમૃતા કે કેપ્ટન નીરજ સાથેની વાતચીત કે ટેલિફોન ઉપર કલ્પૂ કે આશા ક્યાં નથી હોતાં, પરંતુ પાત્રો ભલે બદલાય, ભાવ તો એવો જ એકધારો સહુ પ્રત્યે દેખાય છે.

પેલા દિવસે તા. ૧૬–૩–૯૪ પૂ. માના ઓરડામાં–તેઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં પૂજાવિધિ ચાલી રહી છે. પૂજનનું નિમિત્ત છે આશાબેનના એકના એક પુત્ર વિકાસનો અગિયારમો જન્મદિન. ભરપૂર પૂજાસામગ્રી વડે શ્રી વિજયભાઇ પુરોહિત–પંડિતજી ભાવપૂર્વક પૂજા કરાવી રહ્યા છે. ભગવાન ગણપતિનું આરાધન કરી, તેમનું સ્થાપન પૂજન ચાલી રહ્યું છે. પંડિતજી તેઓના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારમાં મશગૂલ છે. પરંતુ તેમ છતાં તેમાં જ્યાં જ્યાં ભાવની ઉણપ જણાય છે, ત્યાં પૂ. મા સૂચનાઓ આપે છે. પ્રભુના સ્વરૂપને સ્નાન કરાવી એવી રીતે લૂછો કે જાણે તે સજીવ છે. તમારી કોઇ પણ રૂક્ષ–બેભાનભરી ક્રિયા તે સ્વરૂપને દુઃખ ન પહોંચાડે, તેનું ધ્યાન રાખો. પછી તેને જે આસન પર મૂકવાનું છે, તે કૂચે એવું તો નથીને? તેવું હોય તો તેને સરખું કરો, પછી જ મૂકો.

વસ્ત્ર પરિધાન કરાવતાં જનોઇ પણ સરખી રીતે ચઢાવો, જેથી તે તેમને ક્યાંય પણ અસુખકર ના બને.

અને જ્યારે આરતી ઉતારી ત્યારે તો પૂ. માનો સમગ્ર ભાવ એમની વાણીમાં ઘનીભૂત થઇ ગયો. એ વાણી એવી તો ભાવમય બની ગઇ, કે તે સાંભળવા ભગવાન ગણપતિનું બાળસ્વરૂપ પ્રકટ થઇ ગયું. તેની ખૂબી એ હતી કે તેની ખબર બીજા કોઇને ના પડી. કદાચ પૂ. માને પણ તેની જાણ ના થાત. પરંતુ તેમને તે આરતીનો ફોટો લેવાની પ્રેરણા થઇ. સંભવ છે કે તેમણે જ તે

કરી હોય અને પૂ. મા જેવાં ફોટો લેવા ગયાં કે તેઓએ આશાબેનની નજીક એક નાનું સુંદર બાળક જોયું. તેણે લેંઘો ને કફની પહેરેલી હતી. તે ક્યાંથી આવ્યું ને કોનું છે, તે પહેલાં પૂ. માને સમજાયું નહિ. તેમને થયું એનો ફોટો લેવાની શી જરૂર? એટલે તેઓએ પોતાનો કેમેરા આડી પોઝીશનમાંથી ઊભી પોઝીશનમાં ફેરવી દીધો અને પછી ફોટો લીધો.

પછી પૂછ્યું કે "તમારી પાસે આ નાનું સુંદર બાળક કોનું હતું?"

આશાબેન અને પંડિતજીએ કહ્યું, અહીં તો એવું કોઈ બાળક આવ્યું જ નથી.

દરવાજા પાસે બેઠેલા શ્રી બાપજી અને પ્રભુભાઈએ પણ તેની સાખ પૂરી. ત્યારે પૂ. માને સમજાયું કે અરે, આ તો પેલો ગણેશ જ આવેલો. એટલે જ એનું સ્વરૂપ આટલું બધું મોહક હતું.

અને સૌથી વિચિત્ર વાત તો એ બની કે પૂ. માએ આશાબેનનો લીધેલો એ ફોટો આવ્યો જ નહિ. બ્લેન્ક ફિલ્મ જ આવી.

ગણપતિ પ્રભુને થયું હશે—"મને ટાળીને ફોટો લેવો હતોને? હું જોઉં છું એ કેવો આવે છે!"

ખરે જ એ ફોટો ન જ આવ્યો.

પ્રભુની લીલા ખરે નિરાલી હોય છે. તેનો તાગ પામવો મુશ્કેલ છે. તેના સ્વરૂપના દર્શનનું સુખ તે જ પામી શકે છે, જેના ભાગ્યમાં તે લખાયેલું હોય છે અથવા તો પ્રભુને પોતાને તે સ્વરૂપનું દર્શન કોઈને કરાવવાની ઇચ્છા હોય.



* દે *

વિસંવાદી આ વિશ્વ વિષે
સંવાદ સાધવા શક્તિ દે,
સુખ–શાન્તિ–સંપદ રળવાને
તારી નિરંતર ભક્તિ દે :
હે વિશ્વેશ્વર! શક્તિ દે.
વાઘ–સિંહ નિજ જાતિ ન મારે,
હિંસ્ર–પશુની બલિહારી!
માનવ–હત્યા માનવ–હાથે
સંસ્કૃતિની એ લાચારી!
એ લાચારી પરિહરવાને
કો'ક પરાત્પર યુક્તિ દે!
હે વિશ્વેશ્વર! શક્તિ દે.
જે ફણિધર તે મૂળે મણિધર,
કાલિય નાથવા યુક્તિ દે,
ભવ–જમુના તરવ તરણી, તવ
અહર્નિશ આસક્તિ દે.
કાંઈ કશું યે દૈ ન શકે તો
ચાહે તેવી મુક્તિ દે
મુક્તિ નહીં તો–
વિમલ અહેતુકી ભક્તિ દે
બસ, કેવળ તારી ભક્તિ દે
શક્તિ નહીં તો–
તારી નિરંતર ભક્તિ દે.
બસ ભક્તિ દે.

ડૉ. રણજિત પટેલ (અનામી)




## આજના આ ગૌરવ દિને આપણે સહુ ગાંધીજી અને સરદારના જીવનમૂલ્યોને જાહેરજીવનમાં સ્થાપિત કરવા સંકલ્પબદ્ધ બનીએ

મારું મિશન કેવળ હિંદવાસીઓની એક્તા નથી, મારું મિશન કેવળ હિંદની આઝાદી નથી, પરંતુ હિંદની આઝાદી મેળવીને તે દ્વારા માનવમાત્રની એક્તા સાધવાનું મિશન સિદ્ધ કરવાની હું આશા સેવું છું. મારું સ્વદેશાભિમાન એકાંગી કે સીમિત નથી.

— ગાંધીજી

... એટલી સમજણ રાખો

ગુજરાતની પ્રજાને હું તેજસ્વી જોવા ઈચ્છું છું બીજા કોઈ પણ જેટલા બહાદુર થઈ શકે તેટલો ગુજરાતી પણ થઈ શકે. શરીરે તમે ભલે દુબળા હો, પણ કાળજું વાઘ-સિંહનું રાખો. સ્વમાન ખાતર મરવાની તાકાત હૃદયમાં રાખો. કોઈ તમને અંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો.

— વલ્લભભાઈ પટેલ




ગુજરાતીઓ આજે કહી શકે એમ છે કે અમારું જીવન અમને નિરાળું જણાય છે. ગુજરાતનો ઈતિહાસ, આચાર અને વિચાર બીજાથી જુદા પ્રકારના, વધારે લાક્ષણિક દેખાય છે. ગુજરાતી યુવકોનો આત્મત્યાગ,ગુજરાતી સ્ત્રીઓનું ચારિત્ર્ય, ગુજરાતી પ્રજાનું સાહસ, ગુજરાતના ગાંધીજીનાં જીવન અને આદર્શ ન્યારાં છે, ન્યારાં થતાં જાય છે અને તેથી જ તેની સાંસ્કારિક અસ્મિતા કાલ્પનિક નથી, ખરી છે.

— કનૈયાલાલ મુનશી

નવા મંત્રીમંડળે રાજ્ય પ્રશાસનનો કાર્યભાર સંભાળી લીધો છે. રાજ્યમાં સુલેહ-શાંતિ અને સંવાદિતા જળવાઈ રહે, ગરીબલક્ષી અને ગ્રામ વિકાસના કાર્યક્રમોનો અમલ ઝડપી રીતે થાય, દબાયેલા - કચડાયેલા વર્ગોને આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા રોજી મળે અને સામાજિક સુરક્ષાની પ્રતીતિ થાય તે રીતે રાજ્યના વહીવટનો અભિગમ અમે અપનાવીશું.
નર્મદા યોજના નિર્ધારિત ધોરણે પૂરી કરવાનો મારી સરકારનો કૃતસંકલ્પ હું દોહરાવું છું. પ્રાદેશિક અસમાનતા દૂર કરી, પછાત વર્ગોને વિકાસની પ્રક્રિયામાં સહભાગી બનાવવા અમે નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ રહીશું.
આવો, ગુજરાતના વિકાસને ગતિશીલ બનાવવામાં આપણે સૌ સક્રિય યોગદાન આપીએ.

— *છબીલદાસ મહેતા*
*મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય.*

*ગુણવંતી ગુજરાત!*
*અમારી ગુણવંતી ગુજરાત!*
*નમિયે નમિયે માત!*
*અમારી ગુણવંતી ગુજરાત*

માહિતી - '૯૪



# હિમાલયના પત્રોમાંથી

શ્રી સુરેશભાઈ શાહ, કેનેડા

## પત્ર–૨૪ : ઈશ્વરનો પ્રેમ

ઇ. સ. ૧૯૪૩ ના ઓગસ્ટ માસમાં ઋષિકેશથી શ્રી નારાયણભાઈને ઉદ્દેશીને લખેલા આ પત્રમાં ગૃહસ્થજીવનને ઉચ્ચ કરવાનો અંગુલિનિર્દેશ છે, જે ઈશ્વર પરની શ્રદ્ધાને લીધે ગૃહસ્થજીવનને નિર્વિકાર બનાવી પ્રભુ પ્રત્યે અનુરાગ રાખી તેની વિશેષ દયા માટે પ્રાર્થના કરે છે તેમને ઈશ્વર બળ આપે છે અને સવિશેષ કૃપા વરસાવે છે. જે ઈશ્વરની કૃપા યાચે છે, તેને તે પ્રાપ્ત પણ થાય છે. માત્ર એક બાળક પોતાની સ્વાભાવિક સરલ અવસ્થામાં "મા, મા" એવો આર્ત પોકાર પાડે છે તેવો જ આર્ત-પોકાર આપણી દુન્યવી પ્રતિષ્ઠા, દુન્યવી વાસના, ને અભિમાનને બાજુએ મૂકીને આપણે પાડવો જોઈએ. એટલે જ ઈશુ કહે છે, "નોક ધ ડોર એન્ડ ઈટ શેલ બી ઓપન્ડ."

પોતાના પાર્થિવ તનુનો જન્મદિવસ હોવાથી આ પત્રમાં તેનો ઉલ્લેખ કરતાં પૂ. શ્રી જણાવે છે કે, આજે આ શરીરનો જન્મ-દિવસ છે, અલબત્ત તેનો બહુ આનંદ તો નથી જ કેમકે તેને માટે તો અહર્નિશ આનંદ છે. આ શરીર ઈશ્વરનું મંદિર છે. તે એક ફૂલ જેવું ફોરમવંતુ બનીને ઈશ્વરને ચરણે પડી રહે એમાં જ તેની ધન્યતા છે. જેમ ફૂલમાં મઘમઘાટ હોય છે, તેમ આ શરીરમાં પણ પ્રેમ, આનંદ, દયા વગેરે દૈવી ગુણોનો મઘમઘાટ હોય, એમાં જ એની કૃતકૃત્યતા છે. રામકૃષ્ણદેવ જ મારા શરૂઆતના જીવનના

મુખ્ય પ્રેરણારૂપ હતા અને આજેયે હું તેમના પ્રત્યે જ વિશેષ પ્રેમ કે આકર્ષણ ધરાવું છું, તે જેમ 'મા'માં મસ્ત હતા, માને માટે જ ને માના આદેશાનુસાર જીવતા હતા, મારું જીવન પણ તેવું થઇ રહે એ મારી ઇચ્છા છે.

સંસારમાં આનંદ પ્રાપ્ત કરવા લોકોને દુન્યવી પદાર્થોનો આશરો લેવો પડે છે અને તેમ છતાં તે આનંદ અલ્પ અને ક્ષણજીવી હોય છે. પૂ. શ્રી જણાવે છે કે, આધ્યાત્મિક વિકાસ વિના આનંદનો સંભવ નથી. આનંદ અંદર જ છે ને તે અંદર ડોકિયું કરવાથી પ્રાપ્ત થાય છે. એ આનંદ મળે એટલે બધા સંશયો છેદાઇ જાય છે ને મનુષ્ય પોતાના મહિમામાં શોભતો પ્રતિષ્ઠિત, સ્થિર થઇ રહે છે.

ઋષિકેશની પવિત્ર ભૂમિનો ઉલ્લેખ કરતાં પૂ. શ્રી જણાવે છે કે આ ભૂમિ અનેરી છે, ને મારો તેના પ્રત્યેનો સંબંધ પ્રેરક અને પ્રશાંતિ ધરનારો છે. એના પર પગ મૂકતાની સાથે જ હું મુક્ત છું તેવી ભાવના ઊછળી આવે છે. એ એક આધ્યાત્મિક માતા છે.

ભૂમિ, વાતાવરણ, વિચારો અને વ્યવહાર આધ્યાત્મિક જીવનના મુખ્ય પરિબળો છે તે હંમેશાં ખ્યાલમાં રાખવું જોઇએ.

ગીતા વિષે પોતાનું મંતવ્ય જણાવતાં પૂ. શ્રી કહે છે કે, ગીતાનો મુખ્ય ઉદ્દેશ અને ઉપદેશ કર્મ કે જ્ઞાનનો નથી. તેનો સંદેશ ઈશ્વરમયતાનો છે. મન, વાણી ને શરીરના રોમરોમમાંથી ઈશ્વરત્વનો નાદ થવો એ જ ગીતાનો ઉપદેશ ધ્વનિ છે. સહેલી ભાષામાં સમજાવતાં પૂ. શ્રી લખે છે કે ગોપીઓના જેવી તન્મયતા ને રાધાના જેવી સર્વસમર્પણતા આજ ગીતાનું હૃદય છે.



## પત્ર-૨૫ : ઈશ્વરી પ્રેમનો સ્વાદ

આ પત્ર પણ પાવનકારી, મંગલમયી ઋષિકેશની પવિત્ર ભૂમિ ઉપરથી જ લખાયો છે. કુદરતને ખોળે જીવન જીવનારા પૂ. શ્રીને નૈસર્ગિક વાતાવરણ પ્રત્યે અનેરો અનુરાગ છે. તે આ પત્રમાં જણાય છે. ગંગામાતાનું વર્ણન કરતાં પૂ. શ્રી જાણે કે ધરાતા જ નથી માટે તો લખે છે કે, ગંગામાતાનું દૃશ્ય અપૂર્વ, હૃદયંગમ ને શોભાસ્પદ છે. ગંગા સાક્ષાત્ પ્રભુનો પ્રેમરસ છે. તેનો સ્વાદ, તેમાં સ્નાન કરવાનો આનંદ, તેનું દર્શન, સર્વકાંઇ આનંદકારક છે.

જેમનું મન અને અંતર પ્રભુપ્રેમથી ઊભરાઇ રહ્યું છે અને સંસારને અસાર માની દુન્યવી પદાર્થોને વૈરાગ્યથી જોનારા પૂ. શ્રી આ દિવસોમાં ભર્તુહરિના વૈરાગ્ય શતકના શ્લોકોનું સમશ્લોકી ભાષાંતર કરી રહ્યા છે—સાધન—ભજનનો આનંદ માણી રહ્યા છે. અને જણાવે છે કે સંસારી વિષયોમાં વિલાસ કરવાનો સંસારી જીવોને આનંદ હોય છે તેમ મુક્તાત્માઓનો આનંદ અંતરમાં ડૂબકી મારવાનો હોય છે. માછલી જેમ પાણીમાં જ જીવે છે ને તેમાંથી બહાર કાઢતાં જીવ ખોઇ બેસે છે, તેવી જ રીતે જેઓએ ઈશ્વરી પ્રેમનો સ્વાદ ચાખ્યો છે તેઓ તેમાં જ જીવે છે, તેમય બની જાય છે, ને તેની બહાર રહી શકતા નથી. આજ મુક્તિ. અશુદ્ધિનાં પડળોને દૂર કરીને સર્વત્ર રહેલા ઈશ્વરીતત્ત્વનો અનુભવ કરવો, તેમાં એકાકાર થવું, એ જ દિવ્યજીવનની પરિસીમા. આવો મનુષ્ય પ્રેમ, સત્ય ને દયાની મૂર્તિ બની જાય છે. જેમકે બુદ્ધ ભગવાન અથવા ગોપીઓ અથવા તો ભગવાન ઈશુ.

ઈશ્વરીપ્રેમનો સ્વાદ માણીને જીવનને ધન્ય કરનાર પૂ. શ્રીને શતવંદન હો !

## પત્ર–૨૬ : સત્યં શિવં સુંદરમ્

દહેરાદુનના અભયમઠમાંથી ઈ. સ. ૧૯૪૩ એટલે કે આજનથી પચાસવર્ષ પહેલાં લખાએલા આ પત્રમાં ઈશ્વરપ્રેમ અને ઈશ્વરની પૂજા વિષેના પોતાના સ્વતંત્ર વિચારો પ્રદર્શિત કરતાં પૂ. શ્રી જણાવે છે કે, ઈશ્વર પ્રેમમય, સત્યમય ને શુદ્ધિમય છે. એટલે જે કોઇ પવિત્રપ્રેમની, સત્યની કે પવિત્રતાની પૂજા કરે છે, તે ઈશ્વરની જ પૂજા કરે છે; જે પ્રેમ, સત્ય કે પવિત્રતાને અનુભવે છે, તે ઈશ્વરને જ અનુભવે છે; ને જેટલા પ્રમાણમાં જે પ્રેમ, પાવિત્ર્ય કે સત્યની સમીપ જાય છે, તેટલા જ પ્રમાણમાં તે ઈશ્વરની પાસે પહોંચે છે. આપણે બારીકાઇથી જોઇશું તો પ્રેમ, સત્ય ને પાવિત્ર્યરૂપે રહેલા ઈશ્વરને આપણે ઠેર ઠેર અનુભવી શકીએ છીએ. સંસારમાં રહેનાર માણસને પણ આવા અનેક અવસર મળી રહે છે. પરંતુ તેને સમજનારા થોડા જ હોય છે; ને આને લીધે જ મોહ ને દુઃખની ઈન્દ્રજાળ ઊભી થાય છે. જે દિવસે આપણે સૌન્દર્ય, સત્ય ને પ્રેમને ઈશ્વરનાં સ્વરૂપ સમજતા થઇ જઇશું તે દિવસે આપણું જીવન પલટાઇ જશે. સંસારમાં પણ આપણે ઈશ્વર અનુભવી શકીશું અને કૃતકૃત્ય થઇશું.

આજ પત્રમાં પૂ. શ્રી દેહરાદુનમાં રહેતા એક અસાધારણ આધ્યાત્મિક ભૂમિકાઉપર પહોંચેલા ગૃહસ્થની વાત કરે છે. જેમનું નામ જોશીજી છે. ગૃહસ્થજીવનમાં રહી સારી આધ્યાત્મિક સ્થિતિએ પહોંચ્યા હોવાથી પૂ. શ્રીને તેમની સાથે મિત્રતાભર્યો સંબંધ છે.

સાધકની દિનચર્યા વિષે પૂ. શ્રી જણાવે છે કે સાદો ને અલ્પ આહાર, ઉમદા વિચાર ને સાર્વત્રિકપ્રેમ જીવનને દૈવી બનાવે છે,



ને જ્યાં આ વસ્તુઓ હોય છે ત્યાં જ ઈશ્વર આસન માંડે છે કેમકે આજ તેની ભૂમિકા છે.

બાવીસ વર્ષની યુવાનવયે લખાએલા આ પત્રો એ સામાન્ય-પત્રો નથી. ઈશ્વરપ્રેમ, સાધના, આદર્શજીવન અને ઈશ્વરને પામવા માટે જરૂરી હૃદયની ભૂમિકા તરફ અંગુલિનિર્દેશ કરતા આ પત્રો ભારતીય સંસ્કૃતિની પરંપરાને જાળવી રાખે છે અને આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરતા પ્રવાસીઓને સાચું પથપ્રદર્શન કરી પ્રેરણાનાં પિયુષ પાય છે, તથા પૂ. શ્રીના પૂર્વજન્મના અસાધારણ સંસ્કારો અને આધ્યાત્મિક અનુભવનો નીચોડ છે. પોતાના સખા નારા-યણને નિમિત્ત બનાવી જાણે કે સમસ્ત માનવજાતને આ પત્રોની પરિભાષા દ્વારા પ્રેરણા આપે છે.

(ક્રમશઃ)

## * આભારની અભિવ્યક્તિ *

અમારાં ધર્મપત્ની શ્રી સરસ્વતીબેન (જીજી)ના સ્વર્ગવાસ નિમિત્તે અમોને દિલસોજી વ્યક્ત કરતા, ઘણા બધા પત્રો વિદેશ અને ભારતના સ્નેહીઓ અને વાંચકો તરફથી મળ્યા છે. તે સહુની લાગણી બદલ અમે ખરે જ, આભારી છીએ. સહુને વ્યક્તિગત જવાબ આપવા શક્ય ન હોવાથી માસિક દ્વારા આભાર વ્યક્ત કરીએ છીએ, જે બદલ ક્ષમા કરવા વિનંતી

નારાયણ હ. જાની (તંત્રી)

## * ૐ ધ્વનિમંત્ર *

ૐ ધ્વનિ છે પ્યારો,
જગમાં એ જ નિરાળો.
પ્રભુને પ્યારો સૌથી ન્યારો
શુભ ચિંતન શાંતિ દેનારો,
અભિનવ એ ગ્લાનિ હરનારો
એ છે સરજનહારો.
ૐ ધ્વનિ છે પ્યારો,
જગમાં એ જ નિરાળો.
એ છે આદિ, એ જ અનાદિ
જીવનમાં રહે વ્યાપી,
હરિૐના મંત્ર–ધ્વનિથી
વ્યાપે સઘળે શાંતિ.
એ જ મંત્રથી ક્લાન્તિ જાયે,
એ જ મંત્રથી શ્રાંતિ જાયે,
એ જ મંત્રથી ક્રાંતિ થાયે
એ જ મંત્રથી ભ્રાંતિ જાયે.
એ આનંદ દેનારો
એ હૃદય હૃદયને પ્યારો
કલ્યાણ સદા કરનારો
ઊર્ધ્વગતિ દેનારો.
ૐ ધ્વનિ છે પ્યારો
જગમાં એ જ નિરાળો.
સૌનો એ જ દુલારો.

— ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## * નિર્ભયતાનું કારણ *

વિવેક ને વૈરાગ્યની પાદુકા પહેરીને અમે વિશ્વમાં વિચરીએ છીએ, એટલે કાંટા કે કાંકરા વાગવાની અમને ભીતિ નથી, કેડી કઠોર કે કપરી હોય તો પણ અમને તેની ભીતિ નથી.

તિતિક્ષાની તલવાર લઈને અમે વસુધામાં વિહાર કરીએ છીએ, એટલે સુખ ને દુઃખ તથા માન ને અપમાન જેવા તસ્કરનો અમને ભય નથી.

અનુરાગ ને અનાસક્તિના અમીમય ઔષધનું આકંઠ પાન કરીને પૃથ્વીની પરકમ્મા કરીએ છીએ, એટલે મન ને અંતરના રોગની અમારા પર અસર નથી.

હે વહાલા વૈરાગી, આત્માના અલૌકિક અજવાળાને અંગેઅંગમાં આંજીને સૃષ્ટિની સફર કરીએ છીએ, એટલે બહારના કે અંદરના અંધકારની અમને ભીતિ નથી, કાળ કે સ્થિતિની તમા નથી, ને મૃત્યુની પણ પરવા નથી.

### નમ્રતાની માગણી

મારા પ્રખર અભિમાનને તારા વારંવારના પથ્થરી પ્રહારોથી છૂંદી નાખ ને જગતના ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીની આગળ પણ હું પ્રેમ ને નમ્રતાથી હાથ જોડીને ઊભો રહું એવું ભાગ્ય દે !

સંપત્તિ ને સત્તાના નશામાં હરહંમેશ ઉન્નત રહેવાને ટેવાયેલું મારું મસ્તક તારી પવિત્ર પદરજમાં રગદોળાઈ રહો ને હંમેશને માટે નત બનો !

કેમ કે, મેં જાણ્યું છે કે હલકામાં હલકી રજ જ આકાશમાં ઊડી શકે છે, ને પાણી જ્યારે વરાળ બને છે, ત્યારે જ ઊંચે ગમન કરે છે.

યોગેશ્વરજી

# * મારી કૃતકૃત્યતા *

તારા ચંદનચર્ચિત ચરણ પર ફૂલ થઈને પડયો છું, એ જ મારી કૃતકૃત્યતા છે, એની જ મને શાંતિ છે. તું મારું ગમે તે કર, ચાહે તો મને છૂંદી નાંખ કે તારા શિર પર ચઢવાનો લહાવો આપ, હું તો તારા ચરણ પર ફૂલ થઈને પડયો છું. એની મને નિરાંત છે, એ જ મારી શાંતિ છે.

હું તો તારાં નેહનીતરતાં નયન તરફ નયન માંડીને પડયો છું. ચાહે તો તું તેને છેદી નાંખ કે તારા નેહથી નિતારી નાંખ. હું તો તારાં નયન તરફ નયન માંડીને પડયો છું, એ જ મારી કૃતકૃત્યતા છે, એમાં મારી શાંતિ છે.

હું તો તારા રસઝરતા, હૃદય આગળ મારું હૃદય લઈને પડયો છું. ચાહે તો તું તેને રગદોળી નાંખ કે તારું મંગલમંદિર બનાવ. હું તો તારા હૃદય આગળ હૃદય લઈને પડયો છું. એની મને નિરાંત છે, એ જ મારી શાંતિ છે.

હું મારો ધર્મ જાણું છું, ને સ્વભાવ સમજુ છું, ને તેથી જ કૃતકૃત્યત છું. ચાહે તો તું આશીર્વાદની માળા લઈને આવ કે પછી ના આવ, હું તો મારો ધર્મ સમજું છું, ને તેથી જ કૃતકૃત્ય છું.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:-પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર-૧